સુવિચાર
''સમજણ બીજા જણ (સારા વ્યકિત)ની ગરજ સારે છે.''
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૪/૦૯/૨૦૨૫, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

SINCE 1999
હરિૐ PENDAWALA
નવરાત્રિ નિમિતે...
સ્પે.બટેકા મસાલા ફરાળી ચેવડો
બટેકા સ્વીટ ફરાળી ચેવડો
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ આસો સુદ-૩ વર્ષ : ૧૬ અંક : ૨૪૧

## મોડી રાત્રિએ સોમનાથ ખાતે સરદાર યાત્રાનાં સમાપન પ્રસંગથી પરત આવી રહ્યા હોય તે સમયે

# અમરેલી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપ દુધાતની કાર ઉપર હુમલો

**પૂર્વ ધારાસભ્ય અને કોંગી પ્રમુખ તેના ટેકેદારો સાથે અલગ-અલગ ૩ કારમાં જંગલ વિસ્તારમાં થઈને પરત આવતા હતા**

**તુલસીશ્યામ અને દુધાળા ગામ વચ્ચેનાં માર્ગ ઉપર અજાણ્યા શખ્સોએ કાર ઉપર હુમલો કર્યો**

**હુમલાનો પ્રયાસ કોણે અને શું કામ કર્યો તે અંગે સ્થાનિક પોલીસે તપાસ શરૂ કરી**

**પૂર્વ ધારાસભ્યનાં ડ્રાઈવરે ધારી પોલીસ સ્ટેશનમાં વિધિવત ફરિયાદ નોંધાવી**






અમરેલી, તા. ૨૩

અમરેલી જિલ્લાના જાણીતા કોંગ્રેસ નેતા અને પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દુધાત પર હુમલાનો પ્રયાસ થયાનો બનાવ સામે આવ્યો છે. માહિતી મુજબ ગત મોડી રાત્રે ધારી તાલુકાના દૂધાળા નજીક આ ઘટના બની હતી. પ્રતાપ દુધાત ગીર સોમનાથ જિલ્લામાં યોજાયેલી સરદાર સન્માન યાત્રામાં હાજરી આપી પરત ફરી રહ્યા હતા. તેમના કાફલામાં ત્રણ કાર સામેલ હતી.


ત્યારે અચાનક અજાણ્યા શખ્સોના ટોળાએ તેમની કારને નિશાન બનાવી હુમલાનો પ્રયાસ કર્યો હતો. કાફલાની આગળ વધતી કાર પર પથ્થરમારો તથા ધોકા મારવાના પ્રયાસો થયા હોવાની માહિતી મળી છે. જો કે સદભાગ્યે પ્રતાપ દુધાત સહિત તમામ લોકો સુરક્ષિત છે પરંતુ કારને નુકસાન થયું છે.

હુમલાનું કારણ અકબંધ છે. પૂર્વ ધારાસભ્યએ પોતે જણાવ્યું કે આ હુમલો શા માટે અને કોના દ્વારા કરાયો તે અંગે તેમને કોઈ માહિતી નથી. તેમ છતાં તેમણે તંત્રને જાણ કરી છે અને "હુમલાની સમગ્ર ઘટના અંગે અમરેલી એસ.પી.ને જાણ કરી છે" એમ જણાવ્યું હતું. તેઓ આજે વ્યકિતગત રીતે એસ.પી.ને મળીને વિગતવાર રજૂઆત પણ કરશે.

આ બનાવથી જિલ્લામાં રાજકીય તાપમાન વધી ગયું છે. કોંગ્રેસ કાર્યકરોમાં રોષ ફાટી નીકળ્યો છે અને સુરક્ષાની માંગ ઉઠી રહી છે. બીજી તરફ પોલીસ તંત્ર દ્વારા ઘટનાની ગંભીરતાથી તપાસ હાથ ધરવામાં આવી છે. અજાણ્યા શખ્સોને ઝડપવા માટે તપાસ શરૂ થઈ ગઈ છે અને નજીકના વિસ્તારની સીસીટીવી ફૂટેજ પણ ખંગાળવામાં આવી રહી છે.

હુમલાના પ્રયાસ બાદ જિલ્લામાં ચકચાર મચી છે અને રાજકીય વર્તુળોમાં અનેક પ્રકારની અટકળો ચાલી રહી છે.

## તાજી અને માજી સાંસદ ખુશખુશાલ



અમરેલીનાં પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયા અને વર્તમાન સાંસદ ભરતભાઈ સુતરીયા સરદાર સન્માન યાત્રાનાં આગમન સમયે ખુશખુશાલ જોવા મળતાં બંનેનાં ટેકેદારો અને શુભેચ્છકોમાં પણ આનંદનો માહોલ છવાયો હતો.

## ઘણા વર્ષોની મહેનત બાદ મંઝિલ સુધી પહોંચી ગયા

# ભૈ વાહ : લાઠીનાં અકાળા ગામનાં શિક્ષિકા ઉર્મિલાબેન જેબલીયા ''કોન બનેગા કરોડપતિ'' શોમાં સિલેકટ થયા

**કાર્યક્રમનાં એન્કર અમિતાભ બચ્ચન પણ બોલ્યા અમરેલીનું નામ**

અમરેલી, તા. ૨૩

દેશનાં લોકપ્રિય ટીવી શો "કોન બનેગા કરોડપતિ" નાં મંચ ઉપર અમરેલીનાં દેવરાજીયા ગામનાં અને હાલ લાઠીનાં અકાળા ગામનાં શિક્ષિકા સિલેકટ થતાં સમગ્ર જિલ્લાનું ગૌરવ વધ્યું છે અને મેગા સ્ટાર અમિતાભ બચ્ચનનાં મુખેથી પણ અમરેલી નામનો ઉલ્લેખ થયો છે.

લાઠીનાં અકાળા ગામની સરકારી શાળાનાં શિક્ષિકા ઉર્મિલાબેન જેબલીયા ઘણા વર્ષોની મહેનત બાદ મેગા શો કોન બનેગા કરોડપતિનાં મંચ પર સિલેકટ થયા છે અને તેઓ મેગા સ્ટારનાં આકરા સવાલોનાં જવાબ આપશે.


૨૩ સપ્ટેમ્બર એટલે કે આજ પ્રસારિત થતાં શોનો તેઓ હિસ્સો બન્યા છે. જોકે તેઓએ કેટલું ઈનામ મેળવ્યું તે અંગે તેઓએ કોઈ સ્પષ્ટતા કરી ન હતી.



## પૂર્વ મંત્રી બાવકુભાઈ ઉંઘાડે મુખ્યમંત્રીને પત્ર પાઠવ્યો

# ગુજરાતમાં ઈલેકટ્રીક વ્હિકલ પોલીસી બંધ કરાઈ હોય પર્યાવરણનાં હિતમાં પુનઃ શરૂ કરો

**છેલ્લા ૧ વર્ષથી સબસીડી મળવાનું બંધ થયુ**




અમરેલી, તા. ૨૩

રાજયનાં પૂર્વ મંત્રી બાવકુભાઈ ઉંઘાડે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, અમરેલી તારીખ ૩૦/૬/૨૫થી ઈલેકટ્રીક વ્હિકલ પોલીસી બંધ કરાઈ છે. ટુ વ્હિલર, થ્રી વ્હિલર, ફોર વ્હિલર ઈલેકટ્રીક વાહોનમાં સમગ્ર દુનિયામાં ભારત ૧૨માં ક્રમે છે. અને ભારતમાં

અનુસંધાન પાના ૬ ઉપર

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
શ્યામ કેટરર્સ
The King of catering service
સ્પે. ગુજરાતી થાળી
અરજણભાઈ પટેલ મો.૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ મો.૯૬૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
અને શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
Mo.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી - ૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

ખુબ-ખુબ અભિનંદન...
સાવરકુંડલા પાલિકાનાં પૂર્વ પ્રમુખ સહિત પાંચ સામે રૂા.૯.૮૯ કરોડની નોટિસ કઢાવવા સુધીની પ્રક્રિયા આપની લાંબી સંઘર્ષયાત્રાનું પરિણામ છે. નામ.હાઈકોર્ટમાં કરેલી આપની અરજીમાં પણ સફળતા મળે તેવી શુભેચ્છા સહ ખુબ ખુબ અભિનંદન...
શ્રી રામદેવસિંહજી ગોહિલ
સામાજિક કાર્યકર
સાવરકુંડલા
: શુભેચ્છક :
યાકુબ રસભર્યા
સીનીયર એડવોકેટ
સાવરકુંડલા

ન ભૂતો.... ન ભવિષ્યતિ...
ટુ વ્હીલર બેટરી ધમાકા ઓફર
નવરાત્રિ ધમાકા ઓફર
ટુ વ્હીલર વાહન માલિકો માટે આનંદના ખબર
દરેક ટુ વ્હીલર સેલ્ફ સ્ટાર્ટ વાહનો માટેની બેટરી
Lucas
PD POWER
4 LB માત્ર રૂા.૮૦૦/- માં
5 LB માત્ર રૂા.૧૦૦૦/- માં
4 LB માત્ર રૂા.૭૦૦/- માં
5 LB માત્ર રૂા.૯૦૦/- માં
નોંધ : આ ભાવ માત્ર જુની બેટરી પરત કરવાના છે.
દરેક ટુ વ્હીલરની બેટરી હાજર સ્ટોકમાં મળશે.
આ સાથે ૪૮ મહિનાની વોરંટી તો ખરીજ..
અમરેલી જિલ્લાના ડિસ્ટ્રીબ્યુટર
94269 38161 (Since 1995) 76986 55398
જય શ્રી ચામુંડા બેટરી હાઉસ
મેઈન બ્રાંચ: રેલ્વે સ્ટેશન રોડ, ગોપી ટોકીસની બાજુમાં, અમરેલી
બ્રાંચ: લાઠી રોડ, બાયપાસ ચોકડી, અમરેલી

તારીખ : ૨૬-૧૦-૨૦૨૫
લાભ પાંચમથી
ચાલુ કરી રહ્યા છીએ...
naari IVF
''નવી આશા, નવી યાત્રા''
અમે તકનીકી દ્રષ્ટિએ અધતન IVF સારવાર અને સંપૂર્ણ મેડિકલ માર્ગદર્શન આપીને દંપતિઓને માતા-પિતા બનવાનો અવસર પ્રદાન કરીએ છીએ..
નારી હોસ્પિટલ
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
Mo.78620 37707

## ધારાસભ્ય જનક તળાવીયાએ મકાનનું ભૂમિપૂજન કર્યુ

# આનંદો : બાબરામાં ૧૧ કરોડનાં ખર્ચે સરકારી કોલેજનું મકાન બનશે

**વિદ્યાર્થીઓની માંગ દાયકાઓ બાદ પરિપૂર્ણ થવા તરફ આગળ વધતાં ખૂશીનો માહોલ**

**ઘણા વર્ષોથી હાઈસ્કૂલનાં વર્ગખંડમાં ચાલતી સરકારી કોલેજને નવું મકાન મળશે**

**સૌપ્રથમ ધારાસભ્ય બનેલ જનક તળાવીયા સમગ્ર વિસ્તારનો વિકાસ કરવા માટે ભારે જહેમત ઉઠાવે છે**

**ભૂમિપૂજન પ્રસંગે પાલિકા પ્રમુખ પ્રવિણભાઈ કરકર, ભાજપ અગ્રણી ભૂપેન્દ્રભાઈ બસિયા સહિતનાં આગેવાનો ઉપસ્થિત રહ્યાં**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૩

બાબરામાં સરકારી આટર્સ કોલેજની બિલ્ડીંગનું ધારાસભ્ય જનકભાઈ તળાવીયા દ્વારા ભૂમિપૂજન કરી બાંધકામ શરૂ કરાવતા વિદ્યાર્થીઓ અને વાલીઓમાં રાહતની લાગણી સાથે આનંદ વ્યકત કર્યો હતો. રૂા. ૧૧ કરોડનાં ખર્ચે આધુનિક સુવિધા સાથે નૂતન બિલ્ડીંગ કોલેજને મળશે તેવુ ધારાસભ્ય જનકભાઈ તળાવીયા દ્વારા જણાવ્યું હતું.

બાબરામાં સરકારી કમળશી હાઈસ્કૂલમાં વર્ષોથી અન્ય વર્ગખંડમાં બેસી સરકારી કોલેજ ચાલતી હતી. અહીં કમળશી હાઈસ્કૂલ જમીન માંગણી મુદ્દે અનેકવાર રજુઆત થયા બાદ જમીન મળતા કોલેજની બિલ્ડીંગના બાંધકામમાં પણ અનેક અડચણો ઉભી થઈ હતી. જોકે ધારાસભ્ય જનકભાઈ તળાવીયા દ્વારા મંજૂરી સહિત દરેક બાબતે રાજય સરકારમાં રજુઆત કરી અને ગત બજેટમાં પણ ફાળવણી કરવામાં આવતા શહેરને એક આધુનિક અને સુવિધાઓ ઉપલબ્ધ સાથેની સરકારી કોલેજ મળશે તેનો આનંદ અહીં તાલુકા અને તાલુકા બહારના આવતા વિદ્યાર્થી અને વાલીઓએ આનંદ વ્યકત કર્યો હતો.

આ પ્રસંગે જિલ્લા ભાજપના મહામંત્રી ભુપેન્દ્રભાઈ બસિયા, નગરપાલિકા પ્રમુખ પ્રવિણભાઈ કરકર, ઉપપ્રમુખ અંકુરભાઈ જસાણી, કારોબારી સમિતિ ચેરમેન અનિભાઈ મકવાણા, શહેર યુવા ભાજપના પ્રમુખ હરેશભાઈ આખજા, શહેર ભાજપના પૂર્વ પ્રમુખ લલિતભાઈ આંબલિયા, જિલ્લા પંચાયતના સભ્ય નીતિનભાઈ રાઠોડ, શહેર ભાજપ મહામંત્રી જગદીશભાઈ વાવડીયા, જિલ્લા યુવા ભાજપના મહામંત્રી જગદીશભાઈ નાકરાણી, યાર્ડના વાઈસ ચેરમેન બીપીનભાઈ રાદડિયા, ભુપતભાઈ બસિયા, એડવોકેટ પ્રતાપભાઈ ખાચર, એડવોકેટ વશરામભાઈ સુસરા સહિત સ્થાનિક ભાજપના અગ્રણીઓ અને કોલેજના અચાર્ય મેહુલભાઈ પંડયા સહિત સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.

---

### લાયસન્સની શરતોનું ઉલ્લંઘન કરી

## લાઠીનાં શાખપુર ગામનાં વેપારીએ એલડીઓનું ગેરકાયદેસર રીતે વેચાણ કર્યુ

**લીલીયા પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી**

અમરેલી, તા. ૨૩

લાઠી તાલુકાના શાખપુર ગામે રહેતા આરોપી સાગરભાઈ જયસુખભાઈ બલર નામના વેપારીએ શાખપુર ગામે જય ખોડીયાર એન્ટરપ્રાઈઝ નામે એલ.ડી.ઓ. લાઈટ ડીઝલ ઓઈલ પેટ્રોલીયમ પ્રવાહીનો વાહન ફયુલ સિવાયના અન્ય ખેતી અને ઉદ્યોગ હેતુ માટે વેપાર કરવા માટે આવશ્યક લાયસન્સ છુટક વેચાણ કરવા માટેનો શરતોને આધિન પરવાનો તા. ૩૧/૧૨/૨૫ સુધીની મુદ્દત માટે તાલુકા એકઝી. મેજી. લાઠીની કચેરીથી મેળવેલ હતો.

પરંતુ આ પરવાનેદાર જય ખોડીયાર એન્ટરપ્રાઈઝ ધ્વારા પરવાનાની શરતો તેમજ પેટ્રોલીયમ રૂલ્સ ૨૦૦૨ અને આવશ્યક ચીજ વસ્તુ અધિનિયમ ૧૯૫૫ આદેશોનુ સ્પષ્ટપણે ઉલ્લંઘન કરી એલ.ડી.ઓ. લાઈટ ડીઝલ ઓઈલ પેટ્રોલીયમ પ્રવાહીના બદલે માણસોની જીંદગી જોખમમાં મુકાય અને બેદરકારીથી સળગી ઉઠે તેવા અન્ય ભેળસેળ યુકત પેટ્રોલીયમ પ્રવાહીનુ વેંચાણ કરી ક્ષતિઓ અને ગેરરીતિઓ આચરી ગુન્હો કર્યો હોય. આ અંગે લીલીયા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ. મિતેશ દેવીદાસ સાળુંકે દ્વારા આરોપી સાગરભાઈ જયસુખભાઈ બલર નામના વેપારી સામે આવશ્યક ચીજવસ્તુ અધિનિયમની કલમ–૩, ૭ તથા બીએનએસ ક. ૨૮૭ મુજબ ફરિયાદ નોંધાવી છે.

---

### લીલીયાના કોંગી આગેવાનો રોષે ભરાયા

## જિલ્લા કોંગી પ્રમુખ પ્રતાપ દુધાતની કાર ઉપર હુમલાનાં પ્રયાસથી ચકચાર

**પોલીસ વિભાગ તટસ્થ તપાસ કરે તેવી માંગ**

લીલીયા, તા. ૨૩

લીલીયા ગઈ કાલે રાત્રે "સરદાર પટેલ યાત્રા"નું સોમનાથ મુકામે સમાપન હતું. જેમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપભાઈ દુધાત અમરેલી જિલ્લાના આગેવાનો સાથે જોડાયેલ હતા. યાત્રા પૂર્ણ કરી અમરેલી તરફ આવી રહેલ હતા. ત્યારે રાત્રીના ૧:૩૦ની આજુબાજુ ધારી પાસે પહોંચેલ ત્યારે તેના ઉપર અજાણ્યા ૨૫–૩૦ લોકોના ટોળાએ હુમલો કરેલ. ગાડીના કાચ તોડી નાખેલ સદનસીબે પ્રતાપભાઈની ગાડી આગળ નીકળી ગયેલ.

લીલીયા તાલુકા કોંગ્રેસ સમિતિના આગેવાનો સવારે આ સમાચાર સાંભળતા હતપ્રત બનેલ. અને ડી.એસ.પી. ઓફિસે દોડી ગયેલ. જેમાં નિતિનભાઈ ત્રિવેદી, રમેશભાઈ પરમાર, મેરામભાઈ ખારાવાળા, વિનયભાઈ કોગથીયા વગેરે આખા લીલીયા તાલુકામાં તેમજ સમગ્ર જિલ્લામાં રોષ ફાટી નીકળેલ છે. ધારાસભ્ય તેમજ કોંગ્રેસ પ્રમુખ તરીકે હંમેશા લોકોના પ્રશ્ને જાગૃત આગેવાન પર હીસકારો હુમલો થતા સમગ્ર પંથકમાં ભયંકર રોષ ફાટી નીકળેલ છે. સારા કામ કરવાના કારણે જાગૃત થયેલ છે. જે પ્રભુનો પાર.

હાલ અમરેલી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળેલ છે. આ બાબતે એસ.પી. કડક તપાસ નહીં કરે તો કોંગ્રેસ પક્ષ દ્વારા સરકાર તથા પોલીસ તંત્ર સામે ઉગ્ર આંદોલન થશે. જેની જિલ્લા કોંગ્રેસ મહામંત્રી નિતિનભાઈ ત્રિવેદી દ્વારા માંગણી કરેલ છે.

---

### જીએસટીનાં ઘટાડાનો ઉત્સવ ઉજવવો કેવી રીતે

## અમરેલી જિલ્લામાં નવરાત્રિનો પ્રારંભ થતાં જ રંગબેરંગી ફુલોનાં ભાવમાં જબ્બરો વધારો

**ગુલાબનો ભાવ ૨૦૦ થી ૬૦૦ : ગલગોટામાં પણ તેજી**



અમરેલી, તા. ૨૩

અમરેલી જિલ્લામાં હાલમાં ફૂલોના ભાવમાં અચાનક જ ભારે વધારો નોંધાયો છે. ખાસ કરીને ગુલાબ અને પીળા ફૂલોમાં ભાવ ત્રણ ગણાથી વધુ વધી ગયા છે. નવરાત્રીનો તહેવાર ચાલી રહ્યો છે, અને તહેવારોમાં સજાવટ તથા ડેકોરેશન માટે ફૂલની માંગમાં જબરદસ્ત વધારો જોવા મળી રહ્યો છે. આવી અતિરિકત માંગને કારણે બજારમાં ફૂલોની કિંમતો આસમાને પહોંચી ગઈ છે.

ફૂલોના વેપારી કનુભાઈ માળી જણાવે છે કે તેઓ વર્ષોથી ફૂલોના ધંધામાં છે, પરંતુ આ વખતે ભાવમાં થયો એવો ઉછાળો ઘણા વર્ષોમાં પહેલીવાર જોવા મળ્યો છે. તેઓ જણાવે છે કે, "અગાઉ ૨૦૦ રૂપિયામાં મળતો ગુલાબનો ૧ કિલો હવે ૬૦૦ રૂપિયે વેચાઈ રહ્યો છે. આ ઉપરાંત ગલગોટા તથા પીળા ફૂલોના ભાવમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. પીળા ફૂલનો ભાવ અગાઉ ૧૦૦ રૂપિયા પ્રતિ કિલો હતો, હવે તે ૩૦૦ રૂપિયા સુધી બોલાઈ રહ્યો છે. ગુલાબના હાર, જે ૭૦૦ રૂપિયામાં મળતા હતા, હવે ૮૦૦ રૂપિયામાં વેચાઈ રહ્યા છે."

નવરાત્રી દરમિયાન માતાજીની આરાધનામાં ફૂલોનું મહત્વ અત્યંત વિશેષ છે. મંદિરોમાં માતાજીની આરતી, શણગાર તથા દંડિયા રાસના પંડાલોમાં ડેકોરેશન માટે મોટા પાયે ફૂલોનો ઉપયોગ થાય છે. આ વખતે ખાસ કરીને ગુલાબ, ગલગોટા અને પીળા ફૂલની માંગ ખૂબ વધી છે. શેરી ગરબા તેમજ મોટી ગરબીમાં શણગાર માટે ફૂલોની ખરીદી સતત વધી રહી છે.

વેપારીઓનો મત છે કે પૂરવઠો મર્યાદિત હોવાથી ભાવમાં વધારો થયો છે. વરસાદી સીઝન બાદ ખેતરોમાંથી પૂરતા પ્રમાણમાં ફૂલનું ઉત્પાદન ન મળતા, સ્થાનિક બજારમાં આવક ઘટી ગઈ છે. બીજી તરફ, મોટા શહેરોમાંથી પણ અમરેલી જિલ્લામાંથી ફૂલોની માંગ વધી છે. આ કારણે વેપારીઓએ ઊંચા ભાવ બોલવા શરૂ કર્યા છે.

ખેડૂતો માટે આ પરિસ્થિતિ આશીર્વાદ સમાન બની છે. જેમણે ફૂલનું ખેતીનું વાવેતર કર્યુ છે, તેમને આ સિઝનમાં સારૂ વળતર મળ્યું છે. ઘણા ખેડૂતો ગુલાબ તથા ગલગોટાના પાકથી ખુશ છે. તેઓ માને છે કે તહેવારોની સીઝન ખેતી માટે એક પ્રકારનો બોનસ સાબિત થઈ રહી છે.

બીજી તરફ, સામાન્ય ખરીદદારો માટે આ ભાવ વધારો મુશ્કેલીરૂપ બન્યો છે. ઘરેલુ સ્તરે પૂજા માટે કે નાની ગરબી માટે ફૂલ ખરીદતા લોકો ઊંચા ભાવ ચૂકવવામાં મજબૂર બન્યા છે. તહેવારની ભાવના જાળવવા માટે લોકો ખર્ચ વધારવા તૈયાર છે, પરંતુ બજારમાં થતા આકસ્મિક ભાવ વધારોને લઈને અસંતોષ પણ વ્યકત કરી રહ્યા છે.

સારાંશરૂપે, નવરાત્રીની ઉજવણી અને સજાવટને કારણે ફૂલોની માંગમાં જબરદસ્ત તેજી આવી છે, જેનાથી ગુલાબ, ગલગોટા અને પીળા ફૂલોના ભાવમાં ત્રિગુણ વધારો નોંધાયો છે. એક તરફ વેપારીઓ અને ખેડૂતો ખુશ છે તો બીજી તરફ ખરીદદારોને ઊંચા ભાવ સહન કરવા પડી રહ્યા છે. આવનારા દિવસોમાં પૂરવઠો વધશે તો ભાવમાં સ્થિરતા આવશે એવી અપેક્ષા છે.

---

### નારી શકિત વંદનાના પ્રથમ નોરતે ગરબે રમીને ખેલૈયાઓનો ઉત્સાહ વધાર્યો

## અમરેલી : જિલ્લા મેજીસ્ટ્રેટ વિકલ્પ ભારદ્વાજ સહિતના ઉચ્ચ અધિકારીઓ નવરાત્રિ મહોત્સવમાં સહભાગી બન્યાં

**મુખ્ય જિલ્લા ન્યાયાધીશ કું. રિઝવાના બુખારીએ પણ ગરબે રમી મહિલાઓનો ઉત્સાહ વધાર્યો**



અમરેલી, તા. ૨૩

અમરેલીમાં આવેલ સરકારી વસાહત સુખનિવાસ કોલોની ખાતે સરકારી અધિકારી–કર્મચારી મંડળ દ્વારા આયોજિત નવરાત્રી મહોત્સવમાં ગઈકાલ પ્રથમ દિવસે માં નવદુર્ગાના આ આરાધના પર્વમાં જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજ, અમરેલીના મુખ્ય જિલ્લા ન્યાયાધીશ રિઝવાના બુખારી, જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યા, જિલ્લા પોલીસ વડા સંજય ખરાત, અમરેલી પ્રાંત અધિકારી મહેશ નાકિયા સહિતના અધિકારીઓ કર્મચારીઓએ પ્રથમ નોરતે માતાજીના સ્થાપનની શ્રધ્ધા પૂર્વક આરતી અને દર્શન કર્યાં હતાં. અને બાદમાં માતાજીના ગરબે ખેલૈયાઓની સાથે રમી ખેલૈયાનો ઉત્સાહ વધાર્યો હતો. આ પ્રસંગે અમરેલીના મુખ્ય જિલ્લા ન્યાયાધીશ રિઝવાના બુખારીએ પણ ગરબે રમી મહિલાઓનો ઉત્સાહ વધાર્યો હતો.

---

### સતત વરસાદી માહોલ વચ્ચે રોગચાળામાં વધારો

## અમરેલી અને ધારીનાં સરકારી દવાખાનામાં ડેન્ગ્યુનાં કેસે દેખા દીધી

**આરોગ્ય વિભાગ દ્વારા સારવાર શરૂ કરાઈ**

અમરેલી, તા. ૨૩

અમરેલી શહેર સહિત જિલ્લામાં હાલ સતત વાદળીયા વાતાવરણના કારણે વાયુજન્ય રોગ ચાળાએ માથું ઉચકયું હોય. સરકારી તથા ખાનગી દવાખાનાઓ દર્દીઓથી ઉભરાઈ રહયા છે. ત્યારે અમરેલી જિલ્લામાં બે કેસ ડેંગ્યુના મળી આવેલ હતા, આરોગ્ય વિભાગ દ્વારા દર્દીઓને સારવાર આપવામાં આવેલ છે.

સામાન્ય રીતે ચોમાસાની સિઝન તથા સતત વાદળછાયા વાતાવરણના કારણે શરદી ઉધરસ તાવના દર્દીઓમાં વધારો જોવા મળે છે. તેવા સમયે તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં તથા અમરેલીમાં એક એક કેસ ડેન્ગ્યુ પોઝિટિવના મળી આવ્યા હતાં.

આ મળી આવેલ બંને દર્દીની ઘનિષ્ટ સારવાર શરૂ કરી દેવામાં આવેલ હતી. આ ડેન્ગ્યુના બે દર્દીઓનો મળી આવતાં આરોગ્ય વિભાગ દ્વારા જરૂરી પગલાંઓ ભરી આ રોગ આગળના વધે તે રીતે જરૂરી પગલાં ભરવામાં આવ્યા હોવાનું અધિકારી દ્વારા જણાવાયું છે.

## જિલ્લાનાં સાંસદ અને તમામ પાંચ ધારાસભ્યોની જહેમત રંગ લાવી

# અમરેલી જિલ્લામાં ખેતરનું પાણી ખેતરમાં અને ગામનું પાણી ગામમાં

**જિલ્લા માટે ખેત તલાવડી (જીઓ મેમ્બ્રેન) યોજનાનો લાભ લેવા અરજીઓ શરૂ**

**ખેત તલાવડી થકી ખેડૂતોને વરસાદી પાણી તથા સિંચાઈ માટેનાં સ્ત્રોતોને જાળવી રાખવા સરળતા રહેશે**

**અમરેલી જિલ્લામાં ખેતી અને ગામ માટે પાણી સંચયની દિશામાં એક મોટું પગલું સાબિત થશે**

**ધારાસભ્ય મહેશ કસવાલાની જહેમત બાદ રાજ્ય સરકારે નિર્ણય કરતાં જિલ્લાનાં ખેડૂતોમાં ખૂશીનો માહોલ**



સાવરકુંડલા, તા.૨૩

રાજયનાં બાકી રહેલા ૨૩ જિલ્લા માટે હવે ખેત તલાવડી બનાવવા માટે જીઓ મેમ્બ્રન (પ્લાસ્ટિકલાઈનિંગ) આપવા માટેની યોજનાની ઓનલાઈન અરજીઓ લેવાની પ્રક્રિયા સત્તાવાર રીતે શરૂ થઈ ગઈ છે.

આ યોજનાનો મુખ્ય હેતુ "ખેતરનું પાણી ખેતરમાં અને ગામનું પાણી ગામમાં" અભિયાનને વધુ મજબૂત બનાવીને સિંચાઈ ક્ષેત્રમાં પાણીનો સંચય વધારવાનો છે. ખેત તલાવડી થકી ખેડૂતોને વરસાદી પાણી તથા સિંચાઈ માટેના સ્ત્રોતોને જાળવી રાખવા સરળતા રહેશે, જે ભવિષ્યમાં પાણીની અછત સામે અસરકારક રક્ષણરૂપ બનશે.

અમરેલી જિલ્લામાં આ યોજના લાગુ કરવાની માંગણી મુદે ધારાસભ્ય મહેશભાઈ કસવાલા તથા ખેડૂતો ધ્વારા વારંવાર રજૂઆતો કરવામાં આવી હતી. સરકારના સકારકાત્મક અભિગમને કારણે હવે અમરેલી જિલ્લો પણ આ યોજનામાં સામેલ થયો છે, જે સમગ્ર જિલ્લામાં પાણી સંચયની દિશામાં એક મોટું પગલું સાબિત થશે.

ધારાસભ્યએ જણાવ્યું કે, "આ યોજના ખેડૂતો માટે આશીર્વાદરૂપ સાબિત થશે. સિંચાઈમાં પાણીની સમસ્યાનું સમાધાન લાવવાના દ્રષ્ટિકોણથી ખેડૂતો મોટા પ્રમાણમાં અરજીઓ કરી આ યોજનાનો લાભ લે તેવી ખાસ અપેક્ષા છે."

અરજદારો માટે ઓનલાઈન પોર્ટલ ખુલ્લું રાખવામાં આવ્યું છે. ખેડૂતોએ પોતાના જમીનના દસ્તાવેજો સામે તાત્કાલિક અરજી કરવાની અપીલ કરવામાં આવી છે જેથી સરકાર તરફથી મળતા લાભનો સમયસર લાભ મેળવી શકાય. ગુજરાતના બાકી રહેલ ૨૩ જિલ્લા માટે ખેત તલાવડી બનાવવા જીઓ મેમ્બ્રેન (પ્લાસ્ટિક) આપવાની યોજનાની અરજીઓ લેવાનું ચાલુ થઈ ગયું છે જે તા. ૧૦/૧૦/૨૦૨૫ સુધી ફોર્મ ભરી શકાશે.

અમરેલી સહિત સમગ્ર સૌરાષ્ટ્ર અને રાજયના ખેડૂતો માટે આ નિર્ણય ઐતિહાસિક બની રહેશે. રાજયનાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, સિંચાઈ મંત્રી કુંવરજી બાવળિયા તેમજ મંત્રી મુકેશભાઈ પટેલના દ્રઢ નિર્ધાર અને ખેડૂતો પ્રત્યેની પ્રતિબદ્ધતા માટે અમરેલી જિલ્લાના કૃષિસમાજ તરફથી હૃદયપૂર્વક આભાર વ્યકત કરવામાં આવે છે.

### સુરતના કલ્પેશભાઈ સુહાગીયા પાસેથી

## અમરેલીનાં ભીડભંજન ચોકમાંથી વિદેશી દારૂની 3 બોટલ ઝડપાઈ

અમરેલી, તા.૨૩

સુરત ગામે રહેતા આરોપી કલ્પેશભાઈ દુલાભાઈ સુહાગીયા નામના ઈસમ પાસે વિદેશી દારૂ હોવાથી બાતમી અમરેલી સીટી પોલીસ સ્ટેશનના પોલીસ કોન્સ્ટેબલ જગદિશભાઈ સાર્દુળભાઈ પોપટને મળતા પોલીસે વોચ ગોઠવી આરોપીને અમરેલીના ભીડભંજન ચોક પાસે આવેલ પુષ્ટી વડાપાંઉ દુકાન પાસેથી તા.૨૨ના રોજ બપોરે ૨ વાગ્યાનાં સમયે ભારતીય બનાવટની વિદેશી દારૂની ૨ લીટરની પ્લાસ્ટીકની બોટલ નંગ-૩ કીમત રૂ.૪૮૦૦ના મુદામાલ ઝડપી પાડી ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.


જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.94268 31241

PRIME PROPERTY
રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા-વેચવા ભાડેથી મેળવવા
જયદિપ રાયઠઠા
Mo. 93770 03636

આદુ-મરચાથી ભરપુર સ્પે. વાટીદાળના ખમણ
તેમજ સ્પે.નાયલોન ખમણ મળશે
દાનગીગેવ ખમણ હાઉસ
અમરેલીનાં જુનાને જાણીતા (સાનુભાઈ ખમણવાળા)
સ્ટેશન રોડ, પટેલ બોર્ડીગનાં ગેઈટની પાસે, અમરેલી.
મો. ૯૯૨૫૪ ૨૫૨૩૧ ■ મો. ૯૪૨૮૭ ૯૪૦૪૧

શું તમારે દિવાળીમાં ગ્રાહકોને ભેટ આપવા વિચાર્યુ છે ?
તો આજે જ ઘનશ્યામ આર્ટની મુલાકાત લ્યો ...
ત્યાં તમને જોવા મળશે વિવિધ પ્રકારનાં ■ કેલેન્ડર ■ ૩૦૦ ઉપરાંત ડીઝાઈનની કિ-ચેઈન ■ ૩.૫ થી ૫૦ રૂપિયાની પ્રિન્ટ સાથે બોલપેન ■ મની પર્સ અવનવી વેરાયટી ચેક બુક, ATM કાર્ડ કવર ■ મોબાઈલ સ્ટેન્ડ ■ પેપર વેઈટ વગેરે અઢળક વેરાયટી માટે સંપર્ક કરો...
ઘનશ્યામ આર્ટ
કનુભાઈ જોષી Mo.94287 95274 Mo.93285 98100
૭, વંદના શોપિંગ, એસ.ટી.ડેપો, અમરેલી.

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેક્સના સર્ટિફીકેટ, 12AB, 80G, ઈન્કમ ટેક્સના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦, પહેલા માળે, ફિરદોસ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

Hero
નવરાત્રી પ્રી-બુકિંગ ઑફર્સ
ઘરે લઈ આવો હીરો
બુકિંગ શરૂ ₹5100* થી
વધારાનું કેશ ડિસ્કાઉન્ટ ₹1000*

Navnit Hero
ગોપી ટોકીઝ પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
Mo. +91 92899 22254

MARUTI SUZUKI ARENA
BREZZA
WICKEDLY POWERFUL

મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

પિતૃઓના શ્રાદ્ધ નિમિત્તે...
• શુદ્ધ ઘીમાં મોહનથાળ...
• શુદ્ધ ઘીમાં બુંદી...
• શુદ્ધ ઘીમાં મગીયા લાડું...
• વાટીદાળનાં ખમણ-પાત્રા...
માટે ઓર્ડર બુક કરાવો...
શિવ ફરસાણ (ધારીવાળા)
સ્પે. મસાલેદાર વાટીદાળના ખમણ હાજરમાં મળશે. ખજૂરની ચટણી સાથે...
શુદ્ધ ઘીમાં મઘમઘતાં... ચુરમાના લાડુ
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલ.

શું તમે હરસ.મસા. ભગંદર અને ફિશર જેવી મળમાર્ગની બિમારીથી પીડાવ છો..?
શરમ સંકોચ છોડો.સહન ન કરો.સારવાર કરાવો
આ ગંભીર બિમારીઓમાંથી છુટકારો મેળવવા આજે જ સંપર્ક કરો
ડો. કાજલ બગડા
BAMS,MS.(Ayu.)
કન્સલ્ટન્ટ પ્રોક્ટોલોજીસ્ટ એન્ડ જનરલ સર્જન
• હરસ. મસા. ફિશર અને જટિલ ભગંદરની સારવાર
• જટીલ ભગંદરની અત્યંત પ્રચલિત ક્ષારસૂત્રથી સારવાર
• રીંગ Rubber Band Ligation થી મસા ના ઓપરેશન
• ઈન્જેકશનથી Sclero therapy મસાની સારવાર
• નાસુર Pilo nidal sinus ની સારવાર
• ચામડીના મસા, ચરબીની ગાંઠ, ગુમડુ, કપાસી
• પાચનતંત્રના જુના હઠીલા રોગોની સારવાર
• મૂત્રમાર્ગ તથા પિત્તાશયની પથરીની આયુર્વેદીક સારવાર
7 વર્ષનો અનુભવ 20000+ દર્દીઓની તપાસ 3500+ ઓપરેશન
અમરેલીના સૌ પ્રથમ મહિલા પ્રોક્ટોલોજીસ્ટ
Shreeji HOSPITAL
સ્થળ : ડો.રાણવાસર હોસ્પિટલ,ભીડભંજન મંદિરની પાસે, લીલીયા રોડ, અમરેલી
Shreeji Hospital Amreli +91 95744 13737 Shreejihospitalamreli@gmail.com

YAMAHA RACING
યામાહાનું અત્યાધુનિક સ્કુટર અને બાઈક
FZS-Fi
lord of the streets

NOW WITH CONNECT
Side Stand Engine cut-off Switch | Light Weight 135kg | 3D Emblem | Durable 149cc fuel injection Engine | Two-level Single Piece Seat
* - ટેસ્ટ ડ્રાઈવ લેવા માટે આજે જ પધારો.
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬૮૨૦૦૪ - ૭૦૪૮૭ ૮૨૦૦૪

HONDA
આજના દિવસની ખાસ ઓફર
મેળવો ₹7500* સુધીનો લાભ

ACTIVA 110 ACTIVA 125 Shine SP125
પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશનની સામે, સ્ટેશન રોડ, અમરેલી.

લોકલ ફોર વોકલ || જય પરશુરામ || સુવિધા સાથે વિવિધતા
મહાજન સીસીટીવી
સેલ્સ & સર્વિસ | ઉપલબ્ધ સુવિધાઓ | રેન્ટલ સર્વિસ
પ્રોજેક્ટર + સ્ક્રીન | સર્વેલન્સ સર્વિસીઝ
૫૫" ટીવી | ઓલ્ડ નેટવર્ક રીનોવેશન
લેપટોપ | ન્યુ નેટવર્ક ડેવલોપમેન્ટ
P.A. (માઈક) સીસ્ટમ | મીડીયા નેટવર્ક
કોર્ડલેસ માઈક સીસ્ટમ | (કેટ-૬ & ફાયબર કેબલ)
માઈક સીસ્ટમ ઈન્સ્ટોલેશન | ડબલ નેટવર્ક લોડ બેલેન્સર
શૈલેષ ગોંઢા
90 812 34 307
ગ્રાઉન્ડ ફલોર, વ્હાઈટ હાઉસ, એસ.ટી. બસ સ્ટેન્ડ સામે, સ્ટેશન રોડ, અમરેલી - ૩૬૫૬૦૧. (ગુજરાત)

શું તમને સાંભળવાની તકલીફ છે ?
આ દિવાળીમાં આપના વડીલોને આપો કાનના મશીનની અમૂલ્ય ભેટ, જેથી તેઓ ફરીથી સાંભળી શકે આપણી વાત
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

### ભારતીય સિનેમા જગતનો સૌથી પ્રતિષ્ઠિત પુરસ્કાર

# શાહરૂખ ખાનને રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર એનાયત, ગુજરાતી ફિલ્મ 'વશ'ને પણ નેશનલ એવોર્ડ

**નવી દિલ્હીના વિજ્ઞાન ભવનમાં ૭૧માં રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર એનાયત કરાયા છે, શાહરૂખ ખાન, રાની મુખર્જીથી લઈને મોહનલાલ સહિતના અનેક દિગ્ગજો પોતાનો પુરસ્કાર લેવા દિલ્હીં પહોંચ્યા હતા**

નવીદિલ્હી,તા. ૨૩

રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર ભારતીય સિનેમા જગતનો સૌથી પ્રતિષ્ઠિત પુરસ્કારમાંથી એક ગણાય છે. ભારત સરકારના સૂચના પ્રસારણ મંત્રાલય તરફથી આયોજિત કરાતા આ પુરસ્કાર સમારોહમાં દર વર્ષે ભારતીય ફિલ્મ કલાકારોને તેમના અદ્વિતીય કાર્ય માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે અને પુરસ્કારથી સન્માનિત કરવામાં આવે છે. આજે (૨૩ સપ્ટેમ્બર, ૨૦૨૫)ના રોજ નવી દિલ્હીના વિજ્ઞાન ભવનમાં ૭૧માં રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર એનાયત કરાયા છે. શાહરૂખ ખાન, રાની મુખર્જીથી લઈને મોહનલાલ સહિતના અનેક દિગ્ગજો પોતાનો પુરસ્કાર લેવા દિલ્હીં પહોંચ્યા છે. જણાવી દઈએ કે, રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મૂના હસ્તે ભારતીય ફિલ્મ કલાકારોને આ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા છે. ૧ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર ૨૦૨૩ના નામોની જાહેરાત કરાઈ હતી.

'વશ' ફિલ્મને બેસ્ટ ગુજરાતી ફિલ્મનો નેશનલ પુરસ્કાર એનાયત કરાયો છે. ગુજરાતના જાણીતા લેખક અને દિગ્દર્શક કૃષ્ણદેવ યાજ્ઞિક અને કલ્પેશ સોની પુરસ્કાર સ્વીકાર્યો છે.

તેમની 'વશ' ફિલ્મની સફળતા બાદ ગુજરાતી ફિલ્મ પરથી બોલીવુડમાં 'શૈતાન' નામથી ફિલ્મ બનાવામાં આવી હતી. વશ ફિલ્મમાં હિતુ કનોડિયા અને હિતેન કુમારનો રોલ ખાસ હતો. જોકે, હાલમાં વશની બીજો પાર્ટ વશ લેવલ ૨ પણ રિલીઝ કરાયો છે.

શાહરૂખ ખાનને તેની બ્લોકબસ્ટર ફિલ્મ 'જવાન' માટે રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર એનાયત કરાયો છે. જેને લઈને તેના ચાહકો અને સમગ્ર ફિલ્મ ઉદ્યોગમાં ખુશીની લહેર ફેલાઈ ગઈ છે. ફિલ્મ 'જવાન' એ બોક્સ ઓફિસ પર અનેક રેકોર્ડ તોડી નાખ્યા અને વિશ્વભરમાં અસાધારણ કમાણી કરી. શાહરૂખ ખાને આ ફિલ્મમાં ડબલ રોલ ભજવીને દર્શકોના દિલ જીતી લીધા. તેમના શક્તિશાળી અભિનય, એક્શન અને ભાવનાએ સાબિત કર્યું કે તે ફક્ત રોમાન્સના રાજા જ નથી, પરંતુ એક સુપરસ્ટાર છે જે દરેક ભૂમિકામાં જીવંતતા લાવી શકે છે.

શાહરૂખ ખાન અને રાની મુખર્જી આ કાર્યક્રમમાં સાથે બેઠેલા જોવા મળ્યા હતા. શાહરૂખ ખાન બ્લેક લુકમાં હતા, જ્યારે રાની મુખર્જી બ્રાઉન રંગની સાડીમાં ચમકી હતી. વિક્રાંત મેસી પણ શાહરૂખ ખાન અને રાની સાથે બેઠેલા જોવા મળ્યા હતા. ઓફ-વ્હાઈટ સૂટમાં તેમની ડેશિંગ સ્ટાઈલે પણ ચાહકોના દિલ જીતી લીધા હતા. જણાવી દઈએ કે, શાહરૂખ ખાનને બેસ્ટ અભિનેતા અને રાની મુખર્જીને બેસ્ટ અભિનેત્રીનો પુરસ્કાર મળ્યો છે.

વિજેતાઓની યાદી

બેસ્ટ ફીચર ફિલ્મ - ૧૨મી ફેઈલ
બેસ્ટ હિન્દી ફિલ્મ - કટહલ - એ જેકફ્રૂટ મિસ્ટ્રી
બેસ્ટ અભિનેતા - શાહરૂખ ખાન (જવાન) અને વિક્રાંત મેસી (૧૨ં૨ ફેલ)
બેસ્ટ અભિનેત્રી - રાની મુખર્જી (મિસિસ ચેટર્જી વર્સિસ નોર્વે)
દાદાસાહેબ ફાળકે પુરસ્કાર - મોહનલાલ
બેસ્ટ લોકપ્રિય ફિલ્મ - રોકી ઔર રાની કી પ્રેમ કહાની
બેસ્ટ કોરિયોગ્રાફી - રોકી ઔર રાની કી પ્રેમ કહાની (ઢીંઢોરા બાજે રે)
બેસ્ટ દિગ્દર્શન - ધ કેરળ સ્ટોરી (સુદીપ્તો સેન)
બેસ્ટ સિનેમેટોગ્રાફી - ધ કેરળ સ્ટોરી
બેસ્ટ ફિમેલ પ્લેબેક સિંગર શિલ્પા રાવ (છલિયા, જવાન)
બેસ્ટ મેલ ગાયક - પ્રેમિસ્થુન્ના (બેબી, તેલુગુ)
બેસ્ટ મેકઅપ અને કોસ્ચ્યુમ ડિઝાઈનર - સામ બહાદુર
સ્પેશિયલ મેન્શન - એનિમલ (રી-રેકોર્ડિંગ મિક્સર) - એમ.આર. રાધાકૃષ્ણન
બેસ્ટ સાઉન્ડ ડિઝાઈન - એનિમલ (હિન્દી)

અન્ય ભાષાઓમાં

બેસ્ટ ગુજરાતી ફિલ્મ - વશ
બેસ્ટ તેલુગુ ફિલ્મ - ભગવંત કેસરી
બેસ્ટ તમિલ ફિલ્મ - પાર્કિંગ
બેસ્ટ કન્નડ ફિલ્મ - ધ રે ઓફ હોપ
બેસ્ટ ફિલ્મ વિવેચક - ઉત્પલ દત્તા (આસામ)
બેસ્ટ એક્શન દિગ્દર્શન - હનુ-મેન (તેલુગુ)
બેસ્ટ ગીતો - બાલાગમ (ધ ગ્રુપ) - તેલુગુ

### ટ્રમ્પની સુરક્ષાને પ્રાધાન્ય આપી

# ટ્રમ્પનો કાફલો નીકળવાનો હોવાથી પોલીસે ફ્રાંસના પ્રમુખને અડધા રસ્તે રોક્યા

**યુનાઇટેડ નેશન્સ જનરલ એસેમ્બલીના ૮૦મા સેશનમાં મેક્રોનના ભાષણ બાદ તુરંત જ આ કિસ્સો બન્યો હતો**

ન્યૂયોર્ક,તા. ૨૩

ન્યૂયોર્કના મધ્યમાં સોમવારે સર્જાયેલો ટ્રાફિક જામ એક અસામાન્ય રાજકીય ક્ષણમાં ફેરવાઈ ગયો હતો. ફ્રેન્ચના પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોનને યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના મોટર કાફલાએ રોક્યા હતા. આ ઘટનાનો વીડિયો ઝડપથી વાઈરલ થયો છે, જેમાં ફ્રેન્ચ નેતા મેનહટનના રસ્તાઓ પર ટ્રાફિકમાં ફસાયેલા જોવા મળે છે. જેની પાછળનું કારણ પોલીસે અમેરિકન પ્રમુખના કાફલાને રસ્તો આપવા વાહન રોક્યા હોવાનું હતું.યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલીના ૮૦મા સેશનમાં મેક્રોનના ભાષણ બાદ તુરંત જ આ કિસ્સો બન્યો હતો. જ્યાં તેમણે ફ્રાન્સ દ્વારા પેલેસ્ટાઈન રાજ્યને માન્યતા આપવાની ઔપચારિક જાહેરાત કરી હતી. આ ભાષણ બાદ તેઓ યુએન મુખ્યાલયમાંથી બહાર નીકળી ફ્રેન્ચ દૂતાવાસ તરફ જવાની તૈયારી કરી રહ્યા હતા, ત્યારે ટ્રમ્પનો કાફલાની સુરક્ષાને પ્રાધાન્ય આપતાં ન્યૂયોર્ક પોલીસે મેક્રોનની કાર રોકી દીધી હતી.

ફ્રેન્ચ મીડિયા આઉટલેટ દ્વારા આ ટ્રાફિકના ફુટેજને મોટાપાયે શેર કરવામાં આવ્યા હતા. જેમાં ન્યૂયોર્ક પોલીસ મેક્રોન સમક્ષ માફી માગતી જોવા મળી હતી. તેમણે કહ્યું કે, હું દિલગીર છું પ્રમુખ, પણ હાલ બધું જ બ્લોક છે. બાદમાં ફ્રાંસના પ્રમુખ કારમાંથી ઉતરી પોલીસ સાથે વાત કરતાં જોવા મળ્યા હતાં. તેઓ વીડિયોમાં થોડા નારાજ અને ગુસ્સામાં દેખાતા હતાં. ચાહકોએ તેમની સાથે સેલ્ફી લેવાનો પ્રયાસ કર્યો હતો.આ ટ્રાફિક જામમાં ફસાયેલા મેક્રોને ટ્રમ્પને સીધો ફોન કર્યો હોવાનું મીડિયા સુત્રો પાસેથી જાણવા મળ્યું હતું. તેમણે ટ્રમ્પને મજાકમાં કહ્યું હતું કે, તમારા કારણે હું ટ્રાફિકમાં ફસાઈ ગયો છું. હું રસ્તો ખુલવાની રાહ જોઈ રહ્યો છું કારણ કે તમારા માટે આખો રસ્તો બ્લોક કરવામાં આવ્યો છે. મેક્રોને આ વાર્તાલાપ તેમની આસપાસના લોકોને સંભળાવ્યો હતો.

### દેશનું ડિફેન્સ સેક્ટર બનશે વધુ મજબૂત

# ભારત-મોરોક્કો વચ્ચે સંરક્ષણ સહયોગ માટે થયો કરાર

**આ MoU ભારત અને મોરોક્કો વચ્ચે વધતી ભાગીદારીને મજબૂત બનાવવા માટે એક મજબૂત માળખું પૂરું પાડે છે**

નવીદિલ્હી,તા. ૨૩

ભારતના સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ અને મોરોક્કોના સંરક્ષણ પ્રધાન અબ્દેલલતીફ લૌધીએ સોમવારે રબાતમાં દ્વિપક્ષીય બેઠક યોજી, જેમાં સંરક્ષણ સહયોગ માટે સમજૂતી કરાર (MoU) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. ભારતના સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું કે આ MoU ભારત અને મોરોક્કો વચ્ચે વધતી ભાગીદારીને મજબૂત બનાવવા માટે એક મજબૂત માળખું પૂરું પાડે છે. તે સંરક્ષણ ઉદ્યોગમાં સહયોગ, સંયુક્ત કવાયત, લશ્કરી તાલીમ અને ક્ષમતા નિર્માણ માટે માર્ગ મોકળો કરે છે. આ સોદો ભવિષ્યમાં ભારતના સંરક્ષણ ક્ષેત્રને વધુ મજબૂત બનાવશે.ભારત અને મોરોક્કો બંનેના સંરક્ષણ પ્રધાનોએ લાંબા સમયથી ચાલતી ભારત-મોરોક્કો મિત્રતાને વધુ ગાઢ બનાવવાનો ઈરાદો વ્યક્ત કર્યો. તેઓ આતંકવાદ વિરોધી, દરિયાઈ સુરક્ષા, સાયબર સંરક્ષણ, શાંતિ રક્ષા કામગીરી, લશ્કરી દવા અને નિષ્ણાત વિનિમય જેવા મુદ્દાઓ પર એક રોડમેપ વિકસાવવા સંમત થયા છે. રાજનાથ સિંહે રબાતમાં ભારતીય દૂતાવાસમાં એક નવી સંરક્ષણ શાખા ખોલવાની જાહેરાત કરી છે. તેમણે ભારતના સંરક્ષણ ઉદ્યોગ, જેમ કે ડ્રોન અને કાઉન્ટર-ડ્રોન ટેકનોલોજીની પરિપક્વતા અને અદ્યતન ક્ષમતાઓ પર પ્રકાશ પાડ્યો અને મોરોક્કોને ખાતરી આપી કે ભારતીય કંપનીઓ તેના સંરક્ષણ દળોની જરૂરિયાતો પૂરી કરી શકે છે.બંને દેશોના સંરક્ષણ મંત્રીઓએ સશસ્ત્ર દળો વચ્ચે આદાનપ્રદાન વધારવા, તાલીમ કાર્યક્રમોને ટેકો આપવા અને સંરક્ષણ ક્ષેત્રમાં સહ-વિકાસ અને સહ-ઉત્પાદન માટે તકો શોધવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. તેમણે હિંદ મહાસાગર અને એટલાન્ટિક કોરિડોરના વ્યૂહાત્મક મહત્વને ધ્યાનમાં રાખીને વૈશ્વિક અને પ્રાદેશિક સુરક્ષા પડકારોનો સામનો કરવા માટે બહુપક્ષીય સહયોગ અને દરિયાઈ સુરક્ષામાં ગાઢ સંકલન માટે પણ હાકલ કરી.ભારતના સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે પણ ભારતમાં સંરક્ષણ સહયોગ વધારવા અંગે ચર્ચા માટે લૌધિયીને ઔપચારિક આમંત્રણ આપ્યું હતું. ભારતીય સંરક્ષણ મંત્રાલયે આ બેઠકને ભારત-મોરોક્કો સંરક્ષણ સંબંધોમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ ગણાવી હતી, જે બંને દેશોના વ્યૂહાત્મક હિતોના વધતા સંકલનને પ્રતિબિંબિત કરે છે. મોરોક્કો એક દરિયાઈ રાષ્ટ્ર છે અને ભારતની જેમ ભૂમધ્ય અને એટલાન્ટિક મહાસાગરોમાં દરિયાકિનારા સાથે એક અનોખી ભૌગોલિક સ્થિતિ ધરાવે છે. ભારત-મોરોક્કો સંબંધો ૧૪મી સદીના છે, જ્યારે પ્રખ્યાત પ્રવાસી અને લેખક ઈબ્ન બટુતાએ ભારતની મુલાકાત લીધી હતી. દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત બનાવવા માટે સંયુક્ત કાર્યકારી જૂથો નિયમિતપણે મળે છે.

### ભારત અને રશિયાની મિત્રતા સમયની સાથે સાથે વધુ મજબૂત બની ગઇ

# રશિયાએ ભારતને આપી Su-57 લડાકૂ વિમાનની ઓફર

**રશિયાએ ભારતને પોતાની પાંચમી પેઢીના Su-57 સ્ટીલ્થ ફાઇટર જેટની સપ્લાઇ અને લોકલ પ્રોડક્શનની ઓફર આપી છે**

રશિય,તા. ૨૩

ભારત અને રશિયાની મિત્રતા સમયની સાથે સાથે વધુ મજબૂત બની ગઈ છે. આ વચ્ચે ભારતની વાયુ શક્તિને વધુ શક્તિશાળી બનાવવા અંગે એક મહત્વનો પ્રસ્તાવ રાખવામાં આવ્યો છે. ભારત પહેલેથી જ જી-૪૦૦ના સિસ્ટમનો ઉપયોગ કરી રહ્યુ છે. અને આ ક્ષેત્રમાં સહયોગને આગળ વધારવાની સંભાવના છે. રશિયા પાસેથી મળેલા જી-૪૦૦ ટ્રાયંફ એક ડિફેન્સ સિસ્ટમે હાલમાં જ ઓપરેશન સિંદૂર દરમિયન મોટી ભૂમિકા નિભાવી હતી. અને હવે રશિયાએ ભારતને પોતાની પાંચમી પેઢીના જી-૫૭ સ્ટીલ્થ ફાઈટર જેટની સપ્લાઈ અને લોકલ પ્રોડક્શનની ઓફર આપી છે. આવો જાણીએ જી-૫૭ ફાઈટર જેટની ખાસિયતો વિશે.

જી-૫૭ એ રશિયા દ્વારા વિકસિત પાંચમી પેઢીનું અતિઆધુનિક સ્ટેલ્થ મલ્ટી-રોલ ફાઈટર જેટ છે. આને રશિયાની મુખ્ય એરોસ્પેસની સુખોઈ દ્વારા ડિઝાઈન કરવામાં આવ્યું છે. આ વિમાન અમેરિકાના F-૨૨ Raptor y™u F-35 Lightning II જેટલાં જ શક્તિશાળી માનવામાં આવે છે.

જી-૫૭ની પહેલી પરીક્ષણ ઉડાન ૨૦૧૦માં થઈ હતી અને ત્યારથી રશિયા સતત તેમાં નવી ટેક્નોલોજી ઉમેરતું આવ્યું છે. આ વિમાન હવા-થી-હવા, હવા-થી-જમીન હુમલાઓ અને ઈલેક્ટ્રોનિક યુદ્ધ જેવી અનેક ભૂમિકાઓમાં નિષ્ણાત છે

મુખ્ય ખાસિયતો

૧. સ્ટીલ્થ ટેક્નોલોજી

જી-૫૭નું ડિઝાઈન એવી રીતે બનાવવામાં આવી છે કે રડારમાં બહુ ઓછું દેખાય છે. તેની બોડી મટિરિયલ અને ખાસ પેઈન્ટિંગથી દુશ્મનની રડાર તરંગો આને પકડી નથી શકતી.જેથી શત્રુની સીમામાં પ્રવેશ કરીને ગોપનીય રીતે મિશન પૂરું કરી શકે છે.

૨. સુપરક્રૂઝ ક્ષમતા

આ વિમાન આફ્ટરબર્નર વિના (જે વધુ ઈંધણ વાપરે છે) અવાજથી વધુ ઝડપે ઉડી શકે છે. આ ક્ષમતા "સુપરક્રૂઝ" તરીકે ઓળખાય છે, જે લાંબી અંતરયાત્રા માટે ખૂબ ઉપયોગી છે.

૩. અદ્યતન એવિઓનિક્સ સિસ્ટમ

જી-૫૭માં આધુનિક રડાર, સેન્સર્સ, ઈલેક્ટ્રોનિક વોરફેર સિસ્ટમ અને ડેટા-લિંક ટેક્નોલોજી છે. આ રડાર એક સાથે અનેક શત્રુ વિમાનો અને મિસાઈલોને ટ્રેક કરી શકે છે.

૪. સુપર મેન્યુવરબિલિટી

જી-૫૭ ના વિમાનની ડિઝાઈન અને તેના એન્જિન એવી રીતે બનાવવામાં આવી છે કે તે ઝડપથી હવામાં દિશા બદલી શકે છે. તે અન્ય વિમાનોની તુલનામાં ખૂબ જ ચપળ માનવામાં આવે છે, જે તેને દુશ્મનોને ફેરવવાની અને ટાળવાની ક્ષમતા આપે છે.

૫. મલ્ટી-રોલ ક્ષમતા

જી-૫૭ માત્ર હવાઈ યુદ્ધ માટે નથી, દુશ્મનની જમીન પરના ઠેકાણાઓને પણ ટાર્ગેટ કરી શકે છે. આ સિવાય તે ઈલેક્ટ્રોનિક યુદ્ધ માટે પણ ઉપયોગી છે.

૬. ઊંચી ઝડપ અને લાંબી રેન્જ

આ વિમાનની મહત્તમ ઝડપ લગભગ ૨,૬૦૦ કિમી પ્રતિ કલાક છે અને એક વખત ઈંધણ ભરીને લગભગ ૩,૫૦૦ કિલોમીટર સુધી ઉડી શકે છે.

૭. ભવિષ્યની ટેક્નોલોજી

જી-૫૭માં સતત નવા એન્જિન, AI આધારિત સિસ્ટમ્સ અને ડ્રોન-સ્વાર્મ કંટ્રોલ જેવી નવીનતમ ટેક્નોલોજી ઉમેરવામાં આવી રહી છે. ભવિષ્યમાં આ વિમાન રશિયાની વાયુસેનાનું મુખ્ય શસ્ત્ર બની શકે છે.

જો જી-૫૭ ફાઈટર જેટ ભારત પાસે આવે છે, તો ભારતની વાયુશક્તિમાં વધુ તાકત વધશે. રશિયાનો આ પ્રસ્તાવ ભારતની રક્ષા તૈયારીને એક નવા સ્તરે લઈ જવાનું પગલું સાબિત થઈ શકે છે. પાંચમી પેઢીનું આ સ્ટેલ્થ મલ્ટી-રોલ ફાઈટર જેટ ભારતીય વાયુસેનાના બેડામાં શામેલ થાય, તો શત્રુઓ માટે તે ખરેખર "કાળ" સાબિત થઈ શકે છે.

### ૧૦ બૂથ પર પ્રભારી બનશે બૂથ રક્ષક

# કોંગ્રેસે વોટ ચોરી પકડવા દેશવ્યાપી બૂથ રક્ષક પ્રોજેક્ટ શરૂ કર્યો

**રાહુલ ગાંધીએ વોટ ચોરી અભિયાન બાદ હવે ચાર રાજ્યોની કુલ પાંચ લોકસભા બેઠક પર બૂથ રક્ષક યોજનાની શરૂઆત કરી**

નવીદિલ્હી,તા. ૨૩

લોકસભામાં વિપક્ષ નેતા રાહુલ ગાંધીએ વોટ ચોરી અભિયાન બાદ હવે ચાર રાજ્યોની કુલ પાંચ લોકસભા બેઠક પર બૂથ રક્ષક યોજનાની શરૂઆત કરી છે. કોંગ્રેસ આ પાયલોટ પ્રોજેક્ટ હેઠળ પાયાના સ્તરે પક્ષના કાર્યકરોને ટ્રેનિંગ આપશે. જેથી તેઓ જુદા-જુદા વિસ્તારમાં મતદારોની યાદીમાં ગરબડ અને અનિયમિતતાઓ બહાર લાવી શકશે.બૂથ રક્ષક યોજનાના પાયલોટ પ્રોજેક્ટ હેઠળ પક્ષે ચાર રાજ્યોની પાંચ લોકસભા બેઠકની પસંદગી કરી છે. જેમાં રાજસ્થાનના અલવર અને જયપુરની ગ્રામીણ બેઠક સામેલ છે. આ સિવાય મધ્યપ્રદેશના મુરૈના, છત્તિસગઢના જાંજપુર-ચાંપા અને ઉત્તર પ્રદેશના બાંસગાંવની બેઠક સામેલ છે. આ બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં નજીવા માર્જિનથી હાર્યા હતા. કોંગ્રેસની આ યોજના વોટ ચોરીના અભિયાનનો જ એક ભાગ છે.પાયલોટ પ્રોજેક્ટ હેઠળ, પ્રત્યેક બૂથ રક્ષક ૧૦ બૂથનો હવાલો સંભાળશે. દસ બૂથ-લેવલ એજન્ટ પણ તેમના હેઠળ કામ કરશે. આ પાયલોટ પ્રોજેક્ટની સફળતા સુનિશ્ચિત કરવા માટે પાર્ટીએ કેન્દ્રીય સ્તરે પાંચ સભ્યોની ટીમ પણ બનાવી છે. મીડિયા રિપોર્ટ અનુસાર, બૂથ રક્ષકોએ પોતપોતાના વિસ્તારોમાં પાયાના સ્તરે કામ કરવાનું શરૂ કરી દીધું છે. આ ટીમો બૂથ સ્તરે જઈ મતદાર યાદીઓની સંપૂર્ણ સમીક્ષા અને સુધારણા પર નજર રાખી રહી છે. કોંગ્રેસના સૂત્રોને ટાંકીને અહેવાલમાં જણાવાયું છે કે ટીમ મતદાર યાદીમાં થયેલી અનિયમિતતાઓનો ડેટા એકત્રિત કરી રહી છે, જે વધુ તપાસ માટે કોંગ્રેસ હાઈકમાન્ડને સુપરત કરવામાં આવશે.

ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટીના એક સૂત્રે જણાવ્યું હતું કે, 'કેન્દ્રીય ટીમ સ્થાનિક બૂથ રક્ષકને વોટ ચોરીને પકડી પાડવા અંગે તાલીમ આપી રહી છે, તે જે મતવિસ્તારોની મુલાકાત લઈ રહી છે તે દરેક બૂથની મતદાર યાદીઓ ચકાસી રહી છે. સ્થાનિક નેતાઓને ચૂંટણી પ્રક્રિયામાં ફોર્મ ૬, ૭ અને ૮ ના ઉપયોગ અંગે તાલીમ આપવામાં આવી રહી છે. બૂથ-સ્તરીય ટીમોને તાલીમ આપવામાં આવી રહી છે કે કયા આધારે મતદારોના નામ મતદાર યાદીમાંથી ઉમેરવામાં આવ્યા છે અને દૂર કરવામાં આવ્યા છે તે ચકાસવામાં આવે.રિપોર્ટમાં એમ પણ જણાવાયું છે કે આ ટીમ વોટ ચોરી અંગે સ્થાનિક જાગૃતિ કાર્યક્રમો પણ ચલાવી રહી છે. પાયલોટ પ્રોજેક્ટના ભાગ રૂપે બૂથ વિજિલન્ટ્સને ખાસ તાલીમ આપવામાં આવી રહી છે જેથી શોધી શકાય કે મોટી સંખ્યામાં મતદારોના એક જ સરનામા છે કે શું. તેમજ ડુપ્લિકેટ વોટરની પણ ભાળ મેળવવામાં આવશે. પાર્ટી બૂથ વિજિલન્ટ્સને બૂથ સ્તરે અયોગ્ય મતદારોને ઓળખવા મુદ્દે પણ તાલીમ આપી રહી છે.આ ઉપરાંત, તેમને મતદાર યાદીમાં મૃત અને જીવંત લોકોના નામ મૃત જાહેર કરીને નામ કમી કરવાના કિસ્સાઓ શોધવા પણ કહેવામાં આવ્યું છે. કોંગ્રેસ આ પાંચ લોકસભા બેઠક વિસ્તારમાં મતદારોના નામ ઉમેરવા અને કાઢી નાખવાની પ્રક્રિયા વિશે પણ જાગૃતિ ફેલાવી રહી છે. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં, જયપુર ગ્રામીણથી કોંગ્રેસના ઉમેદવાર અનિલ ચોપડા ભાજપના ઉમેદવાર રાવ રાજેન્દ્ર સિંહ સામે માત્ર ૧,૬૧૫ વોટથી હારી ગયા હતા. આ મતવિસ્તારમાં કુલ ૩૮૦ બૂથ છે, અને તે મુજબ, ૩૦ બૂથ ગાર્ડ તૈનાત કરવામાં આવ્યા છે. અલવરમાં, કોંગ્રેસના ઉમેદવાર પણ ૪૮૨૮૨ વોટથી હારી ગયા, જ્યારે ઉત્તર પ્રદેશના બાંસગાંવમાં, કોંગ્રેસના ઉમેદવાર ૩૧૫૦ વોટથી હારી ગયા હતાં.

### સુપ્રીમ કોર્ટની તમિલનાડુ સરકારને ફટકાર

# નેતાઓની મૂર્તિ માટે સરકારની તિજોરીથી ખર્ચો કેમ?

**જનતાના પૈસાનો ઉપયોગ ફક્ત જનતાના હિત માટે થવો જોઈએ, ન કે રાજકીય વ્યક્તિત્વની પ્રશંસા માટે**

તમિલનાડુ,તા. ૨૩

સુપ્રીમ કોર્ટે સોમવારે (૨૨ સપ્ટેમ્બર) તમિલનાડુ સરકારને ફટકાર લગાવતા સ્પષ્ટ કર્યું કે, પૂર્વ નેતાઓના મહિમામંડન માટે સરકારી નાણાંનો ઉપયોગ ન કરી શકાય. કોર્ટે તુરુનેલવેલી જિલ્લામાં પૂર્વ મુખ્યમંત્રી એમ. કરૂણાનિધિની પ્રતિમા બનાવવાની મંજૂરી માંગતી સરકારની અરજી ફગાવી દીધી હતી. જસ્ટિસ વિક્રમ નાથ અને જસ્ટિસ પ્રશાંત કુમાર મિશ્રાની ખંડપીઠે સુનાવણી દરમિયાન કડક વલણ અપનાવતા કહ્યું કે, તમે તમારા પૂર્વ નેતાઓના મહિમામંડન માટે જાહેર નાણાંનો ઉપયોગ કરી રહ્યા છો? તો આની મંજૂરી નહીં મળે. જનતાના પૈસાનો ઉપયોગ ફક્ત જનતાના હિત માટે થવો જોઈએ, ન કે રાજકીય વ્યક્તિત્વની પ્રશંસા માટે.

રાજ્ય સરકારે તિરૂનેલવેલી જિલ્લાના વલ્લિયૂર ડેલી વેજીટેબલ માર્કેટના સાર્વજનિક પ્રવેશ દ્વાર પાસે કરૂણાનિધિની કાંસાની પ્રતિમા અને તખતિ લગાવવાની મંજૂરી માંગી હતી. આ પહેલાં મદ્રાસ હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું હતું કે, રાજ્ય સરકાર જાહેર સ્થળોએ પ્રતિમા લગાવવાનો આદેશ જાહેર ન કરી શકે. આ આદેશને પડકારતી અરજી સુપ્રીમ કોર્ટ પહોંચી હતી. જોકે, સુપ્રીમ કોર્ટે મદ્રાસ હાઈકોર્ટના નિર્ણયને માન્ય રાખીને તમિલનાડુ સરકારની અરજી ફગાવી દીધી હતી. આ સાથે જ રાજ્ય સરકારને કહેવામાં આવ્યું હતું કે, તે પોતાની અરજી પરત લઈ લે અને જો તેમને કોઈ પ્રકારની રાહત જોઈએ છે તો તે માટે હાઈકોર્ટ જાય.

કોર્ટે પોતાના આદેશમાં એવું પણ કહ્યું કે, લોકતાંત્રિક વ્યવસ્થામાં નેતાઓનું સન્માન જનતાના દિલમાં હોવું જોઈએ, ન કે સરકારી પૈસાથી બનાવવામાં આવતી પ્રતિમા અને તખતિઓ દ્વારા. કરદાતાઓના પૈસાથી નેતાઓનું મહિમામંડન બંધારણ અને લોકતાંત્રિક સિદ્ધાંતોની ભાવનાની વિરૂદ્ધ છે.

### પેલેસ્ટાઈન મુદ્દે ઈટાલીમાં અજંપો

# મેલોની વિરુદ્ધ ઠેર ઠેર હિંસા, ટોળાએ ટ્રેન રોકી-પોર્ટ બંધ કરાવ્યું

**આ સ્થિતિમાં ઈટાલીમાં હવે વડાપ્રધાન જ્યોર્જિયો મેલોની સામે હિંસક દેખાવો થઈ રહ્યા છે**

નવીદિલ્હી,તા. ૨૩

ફ્રાન્સે મંગળવારે (૨૩મી સપ્ટેમ્બર) પેલેસ્ટાઈનને ઔપચારિક રીતે સ્વતંત્ર દેશ તરીકે માન્યતા આપી. ફ્રાન્સના પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોને યુનાઈટેડ નેશન્સની મિડલ ઈસ્ટ પીસ પ્રોસેસની બેઠકમાં આ જાહેરાત કરી હતી.

આગાઉ બ્રિટન, કેનેડા, ઓસ્ટ્રેલિયા અને પોર્ટુગલે પણ છેલ્લા ૩૬ કલાકમાં પેલેસ્ટાઈનને એક દેશ તરીકે માન્યતા આપી છે. જોકે, ઈઝરાયલ, અમેરિકા અને ઈટાલીએ પણ પેલેસ્ટાઈનને માન્યતા આપી નથી. આ સ્થિતિમાં ઈટાલીમાં હવે વડાંપ્રધાન જ્યોર્જિયો મેલોની સામે હિંસક દેખાવો થઈ રહ્યો છે.

મળતી માહિતી અનુસાર, ઈટાલીની સરકાર સામે પેલેસ્ટિનિયનોના સમર્થનમાં દેખાવો શરૂ થયો છે. આ દેખાવકારો ગાઝાના સમર્થનમાં તાત્કાલિક યુદ્ધ વિરામની માંગ કરી રહ્યા છે. કાળા પોશાક પહેરેલા મોટી સંખ્યામાં દેખાવકારો મિલાન શહેરના સેન્ટ્રલ ટ્રેન સ્ટેશનમાં ઘૂસ્યા હતા અને અનેક સ્થળોએ આગ લગાવી અને તોડફોડ કરીને સરકારી સંપત્તિને નુકસાન પહોંચાડ્યું હતું. આ દરમિયાન પોલીસ દેખાવકારાને કાબૂમાં લેવા પહોંચી હતી અને સ્મોક બોમ્બ, બોટલો અને પથ્થરો ફેંક્યા હતા.

ઈટાલીમાં ફાટી નીકળેલી હિંસાના કારણે ટ્રેનો રોકી દેવામાં આવી છે અને બંદરો બંધ કરવામાં આવ્યા છે. રોમ અને મિલાનમાં કેટલાક દેખાવકારોની અટકાયત કરાઈ હતી. હિંસામાં ૬૦થી વધુ પોલીસ અધિકારીઓ ઘાયલ થયા હતી. રોમ અને મિલાનમાં પોલીસ અને દેખાવકારો વચ્ચે અથડામણ થઈ હતી. જ્યારે કેટલાક દેખાવકારોની અટકાયત કરાઈ હતી. આ હિંસામાં ૬૦થી વધુ પોલીસ અધિકારીઓ ઘાયલ થયા હતા. દક્ષિણ ઈટાલીનું પોર્ટ શહેર નેપલ્સ વેપારનું મુખ્ય કેન્દ્ર છે. અહીં દેખાવકારોએ રસ્તાઓ બ્લોક કરવાનો પ્રયાસ કર્યો અને રેલવે સ્ટેશનો પર પણ દેખાવો કર્યા હતો. દેખાવકારોને કાબૂમાં લેવા માટે પોલીસે પાણી મારો કર્યો હતો. જોકે, ઈટાલીના વડાંપ્રધાન જ્યોર્જિયા મેલોનીએ પોતાનું વલણ સ્પષ્ટ કરતા કહ્યું છે કે, 'ઈટાલીમાં ચાલી રહેલા હિંસક દેખાવ મારા પર દબાણ લાવવા માટે કરવામાં આવી રહ્યો છે.'

અત્યાર સુધીમાં, ભારત, ફ્રાન્સ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, બ્રિટન અને સાઉદી અરેબિયા સહિત ૧૫૨ દેશોએ પેલેસ્ટાઈનને સ્વતંત્ર દેશ તરીકે માન્યતા આપી છે. આ યુનાઈટેડ નેશન્સના કુલ સભ્યપદના આશરે ૭૮ ટકા છે. ભારતે ૧૯૮૮માં પેલેસ્ટાઈનને માન્યતા આપી હતી, જ્યારે ઈઝરાયલ,અમેરિકા, ઈટાલી, જાપાન અને કેટલાક અન્ય દેશોએ હજુ સુધી માન્યતા આપી નથી.

### ઊંચા હોદ્દા સંભાળશે; અમદાવાદ સાથે પણ કનેક્શન

# વિઝા વિવાદ વચ્ચે અમેરિકામાં બે ભારતીયોનું પ્રમોશન

નવીદિલ્હી,તા. ૨૩

અમેરિકન વહીવટી તંત્રએ H1B વિઝા અરજી માટે ૮૮ લાખ રૂપિયાની ફી લગાવી દીધી છે. ટ્રમ્પના આ પગલાંને અમેરિકામાં રોજગાર શોધતા વ્યવસાયિકો માટે આંચકા તરીકે જોવામાં આવી રહ્યું છે. જોકે, અમેરિકન કંપનીઓએ બે ભારતીય મૂળના વ્યક્તિઓને CEO તરીકે નિયુક્ત કરીને મેસેજ આપ્યો છે કે, તે ટેલેન્ટ સાથે બાંધછોડ નહીં કરે. ૫૫ વર્ષીય ભારતીય મૂળના શ્રીનિવાસ ગોપાલન પહેલી નવેમ્બરથી યુએસ ટેલિકોમ જાયન્ટ ટી-મોબાઈલના સીઈઓ તરીકે કાર્યભાર સંભાળશે. અમેરિકન સરકાર દ્વારા H-1B વિઝા નિયમો કડક બનાવવામાં આવ્યા છે, આ દરમિયાન કંપનીએ તેમને પ્રમોશન આપ્યું છે.IIM અમદાવાદના ભૂતપૂર્વ વિદ્યાર્થી ગોપાલન હાલમાં T-Mobileના ચીફ ઓપરેટિંગ ઑફિસર (COO) તરીકે કાર્યરત છે અને માઈક સીવર્ટનું સ્થાન લેશે, જેમણે ૨૦૨૦થી કંપનીનું નેતૃત્વ કર્યું છે અને હવે તેઓ વાઈસ પ્રેસિડન્ટનું પદ સંભાળશે. ગોપાલને લિંક્ડઈન પોસ્ટમાં જણાવ્યું હતું કે, 'ટી-મોબાઈલના આગામી સીઈઓની ભૂમિકા નિભાવવાનો મને ખૂબ જ ગર્વ છે. હું લાંબા સમયથી આ કંપનીની સિદ્ધિઓથી આશ્ચર્યચકિત છું. તે વાયરલેસ ટૅક્નોલૉજીને ફરીથી શોધી રહી છે અને ગ્રાહકોને એવી રીતે સેવા આપી રહી છે જેની કોઈએ ક્યારેય કલ્પના પણ ન કરી હોય.'ગોપાલન પાસે ઘણા દેશો અને ઉદ્યોગોમાં કામ કર્યાનો અનુભવ છે. હિન્દુસ્તાન યુનિલિવરમાં મેનેજમેન્ટ ટ્રેઈની તરીકે શરુઆત કરીને, તેમણે ભારતીય એરટેલ, વોડાફોન, કેપિટલ વન અને ડોઈશ ટેલિકોમમાં વરિષ્ઠ પદો પર કામ કર્યું છે. ત્યાં, તેમણે કંપનીનો વિકાસ બમણો કર્યો, લાખો ઘરોમાં ફાઈબર નેટવર્કનો વિસ્તાર કર્યો અને જર્મનીમાં રૅકોર્ડ મોબાઈલ બજારમાં ભાગીદારી મેળવી.ટી-મોબાઈલમાં, તેમણે ટૅક્નોલૉજી, ગ્રાહક અને વાણિજ્યિક વિભાગોનું નેતૃત્વ કર્યું અને ૫G, AI અને ડિજિટલ ટ્રાન્સફોર્મેશનમાં પહેલનું નેતૃત્વ કર્યું.

સિવર્ટે ગોપાલનને "તીક્ષ્ણ બુદ્ધિશાળી, કાર્યક્ષમ, ઉત્સાહી અને અતિ જ્ઞાનવાન" ગણાવ્યા અને કહ્યું કે તેમને વિશ્વાસ છે કે તેઓ કસ્ટમર એક્સપીરિયન્સને આગલા સ્તર પર લઈ જશે.શિકાગો સ્થિત પીણા કંપની મોલ્સન કૂર્સે ૪૯ વર્ષીય રાહુલ ગોયલને તેના નવા પ્રમુખ અને સીઈઓ તરીકે નિયુક્ત કર્યા, જે ૧ ઑક્ટોબરથી અમલમાં આવશે. ગોયલ ૨૪ વર્ષથી કંપની સાથે છે.મૂળ રૂપે ભારતમાં જન્મેલા ગોયલે ડેનવરમાં બિઝનેસનો અભ્યાસ કરવા માટે અમેરિકા જતાં પહેલા મૈસુરમાં એન્જિનિયરિંગનો અભ્યાસ કર્યો હતો. તેમણે અમેરિકા, યુકે અને ભારતમાં કૂર્સ અને મોલ્સન બ્રાન્ડ્સ સાથે કામ કર્યું છે.મોલ્સન કૂર્સના બોર્ડના અધ્યક્ષ ડેવિડ કૂર્સે જણાવ્યું હતું કે, 'સીઈઓના ઉત્તરાધિકાર પ્રક્રિયા પછી, તે સ્પષ્ટ હતું કે રાહુલ અમારા વિકાસના આગામી તબક્કાને વેગ આપવા માટે યોગ્ય અનુભવ અને દૃષ્ટિ લઈને આવે છે.'અમેરિકામાં આ બે નિમણૂકો મહત્ત્વની છે કારણ કે, ભારત સહિત અન્ય દેશોના અધિકારીઓની અહીં ઉચ્ચ-સ્તરીય હોદ્દાઓ પર નિમણૂક ઘણીવાર રાજકીય તપાસ હેઠળ હોય છે. MAGA(મેક અમેરિકા ગ્રેટ અગેઈન)ના કટ્ટરપંથીઓ ક્યારેક આ નિમણૂકોને અમેરિકન નોકરીઓ છીનવી લેવા તરીકે રજૂ કરે છે.ભારતીય મૂળના વ્યાવસાયિકો હાલમાં અમેરિકાની કેટલીક સૌથી પ્રભાવશાળી કંપનીઓનું નેતૃત્વ કરે છે. માઈક્રોસોફ્ટમાં સત્ય નાડેલા, આલ્ફાબેટમાં સુંદર પિચાઈ અને ફોર્ચ્યુન ૫૦૦ કંપનીઓમાં અન્ય ભારતીયો આના ઉદાહરણો છે.

# અમરેલી વિભાગના ડેપો ખાતે સ્વચ્છતા અભિયાન અંતર્ગત વોલ પેન્ટિંગ અને ઝુંબેશ







સ્વચ્છ ભારત મિશનને આગળ ધપાવવા માટે રાજયભરમાં વિવિધપ્રકારનાકાર્યક્રમોયોજાઈ રહ્યા છે. અમરેલી વિભાગના રાજય ડેપો ખાતે પણ સ્વચ્છતા અભિયાન અંતર્ગત અનોખી પહેલ કરવામાં આવી. સ્થાનિક શાળાઓની બાળાઓ દ્વારા વોલ પેન્ટિંગ સાથે સ્વચ્છતા અંગે જાગૃતિ ફેલાવવાનો કાર્યક્રમ યોજાયો. કાર્યક્રમમાં ડેપો મેનેજર તથા વિભાગીય નિયામક ઉપસ્થિત રહ્યા હતા. તેમણે જણાવ્યું કે સ્વચ્છતા એ માત્ર સરકારની જવાબદારી નથી, પરંતુ દરેક નાગરિકનું ફરજ છે. સમાજના દરેક વર્ગ, ખાસ કરીને વિદ્યાર્થીઓમાંસ્વચ્છતાનીભાવનાઊંડે ઉતરે તે માટે આ પ્રકારની પ્રવૃત્તિઓ અત્યંતજરૂરીછે. શાળાનીબાળાઓએ વિવિધ રંગોથી દીવાલો પર આકર્ષક પેન્ટિંગ બનાવીને સ્વચ્છતા સંદેશો આપ્યા. ''સ્વચ્છ ગામ-સ્વસ્થ ગામ'', ''સ્વચ્છતાએસેવા'' જેવાસંદેશોચિત્રો દ્વારા દર્શાવવામાં આવ્યા. આકર્ષક પેન્ટિંગથીમાત્ર ડેપોનો પરિસર જ સુંદર બન્યો નથી, પરંતુ જનમાનસમાં પ્રેરણાનું સશકત માધ્યમ બન્યું છે. સ્વચ્છતા અભિયાનની ઝુંબેશ દરમિયાન વિદ્યાર્થીઓએ સ્વચ્છતા શપથ લીધો અને પરિસર તેમજ પોતાના ગામ-શહેરને હંમેશાં સ્વચ્છ રાખવાનો સંકલ્પ કર્યો. ડેપો મેનેજરે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરતાં જણાવ્યું કે નાના-મોટા પ્રયાસોથી મોટા પરિવર્તન લાવી શકાય છે. આ કાર્યક્રમને કારણે સ્થાનિક નાગરિકો તેમજ કર્મચારીઓમાં પણ સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ જોવા મળી. સ્વચ્છતા અભિયાન-૨૦૨૫ના ભાગરૂપે અમરેલી વિભાગના રાજય ડેપો દ્વારા કરાયેલ આ પહેલને સર્વત્ર વખાણ મળી રહ્યા છે.

### હાથ બનાવટનાં ગરબા તૈયાર કરીને

## અમરેલી જિલ્લાનાં યુવા કલાકાર જૂની પરંપરા જીવંત રાખી રહ્યા છે

### કમાણીની સાથે માતાજીની ઉપાસનાનો પણ પ્રયાસ



અમરેલી, તા. ૨૩

અમરેલીજિલ્લાનાએકયુવા કલાકાર વ્યાસ અભિષેક આજે પણ પરંપરાગત કળા જીવંત રાખવા અડગ છે. અભિષેકે માત્ર ૧૨મા ધોરણ સુધી અભ્યાસ કર્યુ છે, પરંતુ બાળપણથી જ પરિવાર સાથે માટીના ગરબા બનાવવાની કળા શીખી છે. નવરાત્રી નજીક આવતા જ ગરબાની માગમાં વધારો થાય છે. આવા સમયે અભિષેક અને તેમનો પરિવાર દિવસ-રાત મહેનત કરી ગરબા અને એન્કોડિયા તૈયાર કરે છે.

તેઓ જણાવે છે કે, આજે માર્કેટમાં ચીનાઈ માટી અને પિતળના ગરબા મોટા પ્રમાણમાં ઉપલબ્ધ છે, જેના કારણે પરંપરાગત હાથ બનાવટના ગરબાના વેપારમાં અસર પડી છે. છતાં તેઓ પોતાની પેઢીગત કળા છોડી દેવાની જગ્યાએ વધુ ઉત્સાહ સાથે માટીના ગરબા બનાવે છે. ''જૂની કળા અમારે માટે ગૌરવ છે, તેને સાચવવી અમારી ફરજ છે,'' એમ તેઓ ઉમેરે છે.

ગરબા બનાવવાની સમગ્ર પ્રક્રિયા અત્યંત કઠિન છે. અભિષેક અને તેમનો પરિવાર સૌપ્રથમ માટી લાવે છે, તેને સારી રીતે મસાળી તૈયાર કરે છે. પછી ચાકડા પર ઘુમાવી માટીને આકાર આપવામાં આવે છે. ખાસ વાત એ છે કે આ તમામ કાર્ય હાથેથી કરવામાં આવે છે, કોઈ મશીનનો ઉપયોગ થતો નથી. આ રીતે બનેલા ગરબાને સૂર્યપ્રકાશમાં સૂકવ્યા બાદ સજાવટ કરવામાં આવે છે.

હાથ બનાવટના ગરબાને બજારમાં ૨૫ થી ૩૦ રૂપિયા સુધીનો ભાવ મળે છે. ભલે ભાવ વધારે ન હોય, પરંતુ તેની પાછળનો શ્રમ, કળા અને પરંપરા અદ્‌ભૂત છે. ''અમે માત્ર કમાણી માટે ગરબા બનાવતા નથી, પરંતુ માતાજીના ઉત્સવને પરંપરાગત રીતે ઉજવાય તે માટે યોગદાન આપીએ છીએ'' અભિષેક ગૌરવભેર કહે છે.

તેઓના જણાવ્યા મુજબ નવરાત્રીના દિવસોમાં આખો પરિવાર એકજૂથ થઈ કામ કરે છે. ગરબા બનાવવાના સિવાય એન્કોડિયા પણ તૈયાર કરવામાં આવે છે, જે ઘરોમાં દીવો પ્રગટાવવા માટે વપરાય છે. આ કાર્યથી પરિવારની રોજગારી ચાલે છે, પરંતુ સાથે જ પરંપરા પણ ટકાવી રાખે છે.

આજે આધુનિકતાના યુગમાં જયાં મશીનથી બનેલી ચમકદાર વસ્તુઓનો પ્રભાવ વધી રહ્યો છે, ત્યાં વ્યાસ અભિષેક જેવા યુવા કલાકારો ગ્રામ્ય કળા, સંસ્કૃતિ અને પરંપરાની વારસાગાથા આગળ ધપાવી રહ્યા છે. તેમની આ મહેનત માત્ર વ્યવસાય પૂરતી નથી, પરંતુ ભવિષ્યની પેઢી માટે પ્રેરણાસ્ત્રોત પણ છે.

હાથ બનાવટના ગરબા, એન્કોડિયા અને માટીના દીવડા માત્ર એક ઉત્સવી વસ્તુ નથી, પરંતુ તેઓ આપણને આપણા મૂળ અને સંસ્કૃતિ સાથે જોડે છે. અને તેમના પરિવારની આ નાની મોટી મહેનત આપણા તહેવારોને સાચા અર્થમાં રંગીન અને પરંપરાગત બનાવે છે.

## સાવરકુંડલા : ફિનિશિંગ સ્કૂલ ટ્રેનીંગ કાર્યક્રમ યોજાયો



સાવરકુંડલા, તા. ૨૩

નૂતન કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી ઘેલાણી મહિલા આર્ટ્સ કોલેજ સાવરકુંડલામાં તા ૨૨/૦૯/૨૫ને સોમવારથી ફિનિશિંગ સ્કૂલ ટ્રેનિંગ પ્રોગ્રામ પ્રારંભ કરવામાં આવેલ છે. ગુજરાત ગવર્મેન્ટ અને કે સી જી દ્વારા ફિનિશિંગ ટ્રેનિંગ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવેલ છે જેમાં ડોકટર મિલી મેમ જેઠવાની દ્વારા લાઈફ સ્કીલ કે અંગેની ટ્રેનીંગ આપવામાં આવે છે આ ટ્રેનિંગ પ્રોગ્રામમાં ૩૭ વિદ્યાર્થીની બહેનો જોડાય છે. આ કાર્યક્રમના ઉદ્‌ઘાટન પ્રસંગે આવેલ મહેમાનનો પરિચય ફિનિશિંગ સ્કૂલના કોર્ડીનેટર ડો રૂકસાના બહેન કુરેશી આપેલ આવેલ મહેમાનનું શબ્દ દ્વારા સ્વાગત કોલેજના પ્રિન્સિપાલ ચાવડાએ કરેલ ડો. મીલી મેમે ફિનિશિંગ સ્કૂલ પ્રોગ્રામ અંગેની માહિતી આપેલ કોલેજની વિદ્યાર્થીની સાગઠીયા મનીષાએ ટ્રેનિંગ અંગેનો પોતાનો અનુભવ કહેલ.

આ ઉદ્‌ઘાટન સમારંભ નૂતન કેળવણી મંડળના મેનેજિંગ ટ્રસ્ટી મુકુંદભાઈ નાગ્રેચા અને ટ્રસ્ટી વિનુભાઈ રાવળ આ ઉદ્‌ઘાટન સમારંભમાં હાજર રહી ટ્રેનિંગ લેનાર બહેનોને શુભેચ્છા પાઠવેલ આ સમગ્ર કાર્યક્રમની આભાર વિધિ પ્રોફેસર છાયા મેડમ શાહે કરેલ અને સમગ્ર કાર્યક્રમનો સભા સંચાલન કોલેજની વિદ્યાર્થીની બારૈયા તેજલે કરેલ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા કોલેજના સ્ટાફ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

### માતાજીના ઉપાસક રાજુભાઈ જેઠવા દ્વારા આયોજન

## બાબરામાં શ્રી વડલીવાળી મેલડીમાના સાંનિધ્યમાં નવરાત્રિ મહોત્સવનો પ્રારંભ

### હજારોની સંખ્યામાં દીકરીઓએ મા ભગવતીની આરાધના કરી



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા.૨૩

બાબરામાં શ્રી વડલીવાળી મેલડીમાં સાંનિધ્યમાં માતાજીના પરમ ઉપાસક રાજુભાઈ જેઠવા દ્વારા ભવ્ય નવરાત્રિનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં બાબરા શહેર સહિત તાલુકાની દીકરીઓ હજારોની સંખ્યામાં માતાજીના ગરબે રમી ભગવતીની આરાધના કરવામાં આવી હતી.અહી મેલડી મંદિરે પ્રથમ નોરતે સંગીતના સથવારે બેનું દીકરીઓ પ્રાચીન અને અર્વાચીન રાશે રમી હતી. ૫૦૦૦ થી વધુ દીકરીઓનું અહીં રજિસ્ટ્રેશન થયું હતું તમામને પાસ આપવામાં આવ્યા હતા.

અહીં મેલડીમાં મંદિરે કોઈપણ જાતની ફી લીધા વગર દીકરીઓ રાશે રમે છે. તેમજ મહાપ્રસાદનો લાભ પણ મેળવી રહી છે. દરરોજ સાંજે ૧૦,૦૦૦ હજાર વધુ ભાવિકો સાંજે મહાપ્રસાદનો લાભ મેળવે તેવી વ્યવસ્થા અહીં માતાજીના ઉપાસક રાજુભાઈ જેઠવા દ્વારા કરવામાં આવી છે.

અહી નવરાત્રી દરમિયાન મેલડી યુવક મંડળ સહિત સ્થાનિક પોલીસ તેમજ હોમગાર્ડના જવાનો દ્વારા પણ પુરતો બંદોબસ્ત અને ટ્રાફિક વ્યવસ્થા જાળવી રહયાં છે.

## ચલાલા ખાતે ડો. બાબાસાહેબ આંબેડકરનો સંકલ્પ દિવસ ઉજવાયો




ચલાલા, તા. ૨૩

ચલાલા ગામે દલિત સમાજ દ્વારા સંકલ્પ દિવસ ઉજવાયો. આ અવસરે સમાજના તમામ ભાઈઓ ડો. બાબાસાહેબ આંબેડકરજીની પ્રતિમા સમક્ષ એકત્રિત થઈ ફૂલહાર કરી શિક્ષણ, સમાનતા, અને સામાજિક, ન્યાય માટે સંકલ્પ લીધો.

દલિત સમાજ, જે વર્ષોથી સમાન હક્ક, અવસર અને સમાજમાં ન્યાય માટે સંઘર્ષ કરતો રહ્યો છે, એણે આજે બાબાસાહેબ ડો. ભીમરાવ આંબેડકરના વિચારો અને આદર્શોને યાદ કર્યા. બાબાસાહેબે દલિતો અને વંચિત વર્ગ માટે શિક્ષણ, સામાજિક સમાનતા અને હકોની દિશામાં અમુલ્ય યોગદાન આપ્યું છે.

આ અવસરે સમાજના વડીલો અને યુવાનો એ એકતા, ભાઈચારો, શિક્ષણ અને સમાજના સર્વાંગી વિકાસ માટે પ્રતિબધ્ધતા દર્શાવી. સાથે સાથે સમાજે આ સંકલ્પ લીધો કે બાબાસાહેબના માર્ગદર્શન અને વિચારધારા અપનાવી સમાજમાંથી ભેદભાવ અને અન્યાય દૂર કરવામાં સક્રિય ભૂમિકા ભજવાશે.

ચલાલા ગામનો આ સંકલ્પ દિવસ સમાજ માટે નવી દિશા, શક્તિ અને પ્રેરણા આપનાર ઐતિહાસિક દિવસ સાબિત થયો. આ તકે સમાજના અગ્રણી મેઘજીભાઈ વાળા, ડી.પી. રાઠોડ, ચંદુભાઈ વાળા, રામજીભાઈ રાઠોડ, નીતિનભાઈ વાળા, મહેન્દ્રભાઈ રાઠોડ, (પ્રેસ રિપોર્ટર) કાળુભાઈ વાળા, મુકેશભાઈ વાળા, વાલજીભાઈ સોલંકી, સહિતના મોટી સંખ્યામાં આગેવાનો અને જ્ઞાતિજનો ઉપસ્થિત રહી સંકલ્પ દિવસની ઉજવણી કરી હતી.

### સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત

## બગસરાના હડાળાના ગ્રામજનો સ્વચ્છોત્સવમાં ઉત્સાહભેર જોડાયા

### પશુઓનાં પાણી પીવાના અવેડા ઉપરાંત જાહેર રસ્તાઓની પણ સફાઈ



તસ્વીર : સમીર વિરાણી-બગસરા

અમરેલી, તા. ૨૩

અમરેલી જિલ્લામાં ''સ્વચ્છતા હી સેવા અભિયાન'' તે જ બન્યું છે, ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારમાં આ સફાઈ અભિયાનમાં ગ્રામજનો ઉત્સાહભેર જોડાઈ રહ્યા છે.

બગસરા તાલુકાના હડાળા ગામે આગેવાનો અને ગ્રામજનોએ સાથે મળીને પશુઓને પાણી પીવા માટેના અવેડાની સફાઈ કરી હતી. આ ઉપરાંત ગામની અન્ય જાહેર જગ્યાઓ અને બજારોમાં પણ એટલા જ ઉત્સાહથી સાફ-સફાઈ કરી હતી.

ઉલ્લેખનીય છે કે, ''સ્વચ્છતા હી સેવા અભિયાન'' અંતર્ગત સ્વચ્છોત્સવ તા.૧૭ સપ્ટેમ્બરથી શરૂ થયું છે જે રાજયમાં ૩૧ ઓકટોબર સુધી ચાલશે. આમ, જિલ્લામાં ઝુંબેશ સ્વરૂપે સફાઈ અભિયાન ચાલી રહ્યું છે.

## ચાંદગઢ ખાતે શ્રી રાજબાઈ માતાજીનાં મંદિરે નવરાત્રિ મહોત્સવની ઉજવણી

અમરેલી, તા. ૨૩

અમરેલીના ચાંદગઢમાં રાજબાઈ માતાજીનાં મંદિરે (મઢે) તા. ૨૨/૯ થી ૩૦/૯ સુધી ૯ (નવ) દિવસ છંદ-ગરબી તથા રાસ ગરબાનું આયોજન દર વર્ષની જેમ આ વર્ષે પણ રાખેલ છે. પ્રથમ રાત્રીના રાજબાઈ માના છંદ-ગરબા ગવાય છે. સાથો-સાથ હનુમાનજી દાદાની ગરબી પણ ગવાય છે. રાજબાઈ માની ગરબી રાણાભાઈ પટેલ (કણબી)એ લખી ગાઈ છે. ત્યાર પછી રાજબાઈ માતાજીના સાનિધ્યમાં ફકત મહિલા બહેનો અને ભાઈઓ દ્વારા અર્વાચીન તથા પ્રાચીન રાસ-ગરબા ડી.જે. ટેપના તાલે ગવાય છે.

## નવરાત્રિ : નારી અબલાપન છોડો, રણચંડી કા લો અવતાર !

એ દેખાય છે તો યુવતી. ઉંમર ૪૫ની આસપાસ. પગમાં ગયા વર્ષથી થયેલું ઓપરેશન દર્દ આપી રહ્યું છે : શરીરનું નહીં, મનનું. કારણ એ કે આ વખતે એ મન મૂકીને ગરબા રમી નહી શકે ! એ જ વિચારમાં તેણે છેલ્લા ત્રણ મહિનાથી ફિઝિયોથેરાપીની સારવાર સાથે ગરબાના કલાસ જોઈન કર્યા. ઘણી સ્વસ્થતા આવી છે. પણ આગલા વર્ષોમાં ગરબાની સ્પર્ધાઓમાં પ્રથમ ક્રમાંક સિવાય એ નીચે ઊતરી ન હતી. આ વખતે શું થશે? દર્દ એનું છે કે રમી શકાશે નહીં. દર્દ એનું છે કે ઉપવાસ તો થશે, પણ માતાજીને રિઝવી શકાશે નહીં. હા, એ છેલ્લા ૩૦ વર્ષથી માત્ર એક ફળ પર રહી નવ-નવ દિવસ ઉપવાસ કરે છે. મન મૂકીને ગરબા રમે છે. મન કેવળ માતાજીના ચરણોમાં છે, અને શરીર માતાજીના ગર્ભદીપની આસપાસ એવી રીતે ઘૂમતું રહે છે, કે ગરબાની માટલીના પ્રત્યેક છિદ્રમાંથી આવતો જયોતિર્મય આહ્લાદ તેને શાત ઊર્જાની ચમક આપી રહ્યો હોય...

અદ્‌ભુત ઉત્સવ છે : શારદીય નવરાત્રી. ભારતમાં લાખો કરોડો માતાઓ-બહેનો સાચા અર્થમાં મા દુર્ગાની અપ્રતીમ શકિતની પૂજા નવ દિવસોમાં પૂરી સાવિકતા સાથે ઉજવે છે. એટલે શ્રાવણનો વાયરો જેમ સમગ્ર ભારતને શિવભક્તિના હિલ્લોળ પર ચડાવે છે, તેમ શરદની આ નવરાત્રી ભારતના કરોડો માતૃભકતોને શકિતપૂજાના હિલ્લોળ પર ચડાવે છે.

શિવનો અર્થ શુભ, મંગલ અને કલ્યાણ થાય છે, અને શકિતનો અર્થ નકારાત્મક અને તામસી પ્રભાવને દૂર કરનાર, સકારાત્મકતાનો સંચાર કરનાર, દૂષણ માત્રને સમાપ્ત કરનાર, આંતરિક તાકાતની પવિત્ર ઊર્જા થાય છે.

મા દુર્ગાનાં નવ સ્વરૂપોનાં નામ જ આ પર્વની મહત્તા સમજવા કાફી છે. શૈલપુત્રી એટલે હિમાલયની દીકરી. જે સાહસ, શકિત અને અવિચલ સંકલ્પની દેવીનું સ્વરૂપ છે. બ્રહ્મચારિણી, તપસ્યા અને સંયમના આરાધકો માટે આદર્શ છે. તો ચંદ્રઘંટાનો અર્થ છે જે રીતે ચંદ્ર અમાસથી પૂર્ણિમા સુધી પહોંચતાં પૂર્ણ પ્રકાશિત બને છે, તે રીતે મનુષ્યજીવન પૂર્ણતા અને સાર્થકતા સુધી પહોંચે! તેનું એ પ્રતીક છે. કુષ્માંડાનો અર્થ બ્રહ્મા દ્વારા સૃષ્ટિની રચના સાથે જોડાયેલું બ્રહ્માંડ. જયાં બ્રહ્માંડમાંથી આપણને આપણા રોજિંદા જીવનનાં ભૌતિક સુખ, સમૃદ્ધિ અને સ્વાસ્થ્ય પ્રાપ્ત થાય તેની પ્રાર્થના કરવા માટેનું સ્વરૂપ છે. સ્કંદમાતા તો સ્પષ્ટ અર્થ જ બતાવે છે કે મા પાર્વતી કાર્તિકેયની માતા તરીકે પણ પૂજય છે, જે માતૃત્વનો આશીર્વાદ તમામ નારીઓને આપે છે. સાથે માનસિક સંતુલન અને ભીતરના પ્રેમપ્રવાહને સંતાનોના ઘડતર સુધી પ્રવાહિત કરવા માટેનો સંદેશ આપે છે. કાત્યાયની અંધકાર અને રાક્ષસી વૃત્તિઓના સંહાર માટે પ્રસિદ્ધ શકિતનું સ્વરૂપ છે. જેની સાધના નકારાત્મકતાને નષ્ટ કરવાનું પરિણામ આપે છે. કાલરાત્રીનો અર્થ છે, મનના માનેલા અનેક ડર, જે વહેમ સ્વરૂપે હોય કે અંધશ્રદ્ધા સ્વરૂપે, તેનો નાશ કરીને મહાકાલને નજર સમક્ષ રાખી આત્મવિસપૂર્વક જીવન જીવવાની શક્તિનું સ્વરૂપ છે. મહાગૌરી શાંતિ અને શુભ સમૃદ્ધિનું એવું સ્વરૂપ છે, કે તેની સાધના વ્યક્તિને પૂર્ણ પરિતૃપ્તિની સદેહે ઝાંખી કરાવે છે. સિદ્ધિદાત્રીનું સ્વરૂપ માત્ર ભૌતિક સિદ્ધિઓ સુધી નહીં, પરંતુ જ્ઞાન દ્વારા પ્રાપ્ત સિદ્ધિઓથી વ્યકિતના જીવનને સફળતા અને સાર્થકતા સુધી પહોંચાડવાના આશીર્વાદનું મંગલ સ્વરૂપ છે.

નિષ્કર્ષ માત્ર એટલો છે કે છિદ્રોવાળી માટલીમાં નવ દિવસ સુધી ઓલવાયા વગર સતત પ્રગટી રહેલો દીપ જેમ ઊર્જાને ચોતરફ ફેલાવે છે, એ જ રીતે મા દુર્ગાનો ઉપાસક આંતરિક ઊર્જાથી વિભૂષિત બનતો રહે છે.

ખબર નહીં કેમ, પણ આપણને ઉત્સવની સાવિકતા સદતી નથી કે શું? ગણેશજીના ઉત્સવને ગંદકી, ઘોંઘાટ કે ખૂણેખાંચરે ચાલતી અવૈધ પ્રવૃત્તિઓથી ભ્રષ્ટ કરતા રહ્યા છીએ, જન્માષ્ટમીની દિવ્યતાને જુગારના દૂષણથી કચડતા રહ્યા છીએ, મહાશિવરાત્રીને ભાંગના નામે શરાબના નશાથી દૂષિત કરતા રહ્યા છીએ, તેમ નવરાત્રીને ઉપવાસ, પૂજા અને સાત્વિક ગરબા નૃત્યને બદલે વસ્ત્રોની મર્યાદાઓ વળોટીને સ્વચ્છંદતાનું પ્રદર્શન કરતા થઈ ગયા છીએ. આવા રાતવોની રંજાડ આ દિવસોમાં માઝા મૂકે છે. દીકરીઓના માતા-પિતાઓની ચિંતા હાઈ બ્લડપ્રેશરને આમંત્રણ આપે છે. ગેરકાનૂની સંબંધોને હવા આપવામાં જરા પણ શરમનો અનુભવ ન રહ્યો હોય તેવી પેઢી કેવળ માતા-પિતાઓના જ ટેન્શનનો જ વિષય નથી બની રહ્યો, પરંતુ એ રાષ્ટ્રીય ચિંતનનો વિષય પણ બની રહ્યો છે. કારણ કે ઉત્સવના નામે ફેલાતી સ્વચ્છંદતા યુવાનોના ઉન્નત ભવિષ્ય સાથે પણ ખીલવાડ કરી રહી છે. ઉત્સવની સાચી ગરિમા નથી રહી, એટલે જ તો અડધી રાત્રે પોલીસની સાયરનો રોડ રસ્તે ગુંજતી રહે છે ! ભકિતને બદલે બબ્બે અઢી કે ત્રણ-ત્રણ વાગ્યા સુધી ફિલ્મી ગીતોની રંજાડ સાથે (રંગત નહીં !) માતાજીને કયાંય નેવે મૂકી દેવાની વૃત્તિઓ હવે અજાણી નથી. ખેલૈયાઓ શ્રદ્ધા, ભકિત અને સંયમને નજર સામે રાખી માતાજીની કેન્દ્રસ્થ મૂર્તિમાં જ મન રાખે છે? કે પછી માત્ર મનોરંજનના નામે ઈન્દ્રિયોની જ આળપંપાળ કરે છે?

નારી પોતાની આંતરિક ઊંચાઈ આ દિવસોમાં કયા વિચારથી દર્શાવી શકે? અહીં કુલદીપ દહિયાની પંકિતઓ યાદ આવે છે, નારી નહીં, જહાન હૂં, હિંદ કી મૈં શાન હૂં!, ફૂલ ભી હૂં, શૂલ ભી હૂં, લક્ષ્મી ઔર શકિત ભી મૈં, શિવ કા ગુમાન હૂં, ગેર સે તૂ દેખ તો, કણ કણ મેં બિરાજમાન હૂં!, મૈં સીતા સી મહાન હૂં!, અંત ભી, અનંત ભી હૂં, વેદ ઔર પુરાણ હૂં!, અર્પણ ભી મૈં સમર્પણ ભી, મૈં મમતા કી ખાન હૂં, યામિની હૂં, દામિની હૂં, બ્રહ્માંડ કા મૈં માન હૂં !!, મિત્રો, આ શારદીય નવરાત્રિની તમામ ખેલૈયાઓ-માતૃભકતોને હાર્દિક શુભકામનાઓ સાથે એટલું જ કહેવાનું કે, સાચી નવરાત્રિનો અર્થ એ છે : નારી અબ અબલાપન છોડો, સબલા બનકર ભરો હુંકાર, જો ભી દેખે તુચ્છ નયન સે, રણચંડી કા લો અવતાર !!, મર્યાદા જ શૃંગાર છે, મર્યાદા જ સંસ્કૃતિ છે, મર્યાદા જ શિષ્ટાચાર છે, અને મર્યાદા જ તમારી ભાવિ પેઢીની આન, બાન અને શાન છે... જય મહિષાસુર મર્દિની !

લેખક
શ્રી રાજેશ જે.માધવાણી
અમરેલી - મો. ૯૪૨૮૭ ૯૮૩૮૪

# અમરેલી : શ્રીમતી એસ.એચ. ગજેરા કેમ્પસ વિદ્યાસભા સ્કૂલમાં વેલકમ નવરાત્રિ મહોત્સવ ઉજવાયો




તારીખ ૨૦ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ શ્રીમતિ એસ.એચ. ગજેરા કેમ્પસ વિદ્યાસભા ખાતે લાઈવ સ્ટેજ વેલકમ નવરાત્રી ૨૦૨૫નું પ્રથમવાર આયોજન કરવામાં આવ્યું. નવલા નોરતામાં ઘૂમતો ગરબો એટલે કે આસુરી શકિત ઉપર દેવી શકિતના વિજયનું આનંદોત્સવ કરવાનું અનુપમ પર્વ એટલે નવરાત્રી, શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કૂલ, શ્રીમતી ચંપાબેન વસંતભાઈ ગજેરા સ્કૂલ તેમજ જ્ઞાનશકિત રેસિડેન્શિયલ સ્કૂલના વિદ્યાર્થીઓ, પ્રિન્સિપાલઓ તેમજ સ્ટાફ દ્વારા સૌપ્રથમ માની પૂજા આરતી કરવામાં આવી, ત્યાર બાદ રાસ–ગરબા રમીમાં જગદંબાની ઉપાસના કરવામાં આવી. વિદ્યાર્થીઓમાં શકિતની ભકિતનો ભાવ પ્રગટ રહે, જેથી વિદ્યાર્થીઓમાં સાંસ્કૃતિક તેમજ આધ્યાત્મિક પ્રવૃત્તિઓથી શિક્ષણની સાથે સંસ્કારોનું પણ સિંચન થાય તેવા હેતુ સાથે લાઈવ સ્ટેજ વેલકમ નવરાત્રી મહોત્સવ ૨૦૨૫નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું જેમાં નિવાસી વિદ્યાર્થી ભાઈઓ–બહેનોએ ખુબ જ સારી રીતે વેલકમ નવરાત્રીની ઉજવણી કરી. આ તકે પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મસુખભાઈ ધાનાણી, મંત્રી ચતુરભાઈ ખૂંટ તેમજ કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ નવરાત્રીના આ પવિત્ર તહેવાર પર તમારી બધી મનોકામનાઓ પૂર્ણ થાય, મા દુર્ગાના આશીર્વાદ હંમેશા તમારી સાથે રહે તેવી શુભકામનાઓ પાઠવી.

### ''સ્વસ્થ નારી સશક્ત પરિવાર''અંતર્ગત

## બાબરાનાં સરકારી હોસ્પિટલ ખાતે સર્વરોગ નિઃશુલ્ક નિદાન કેમ્પ યોજાયો

### ધારાસભ્ય, પાલિકા પ્રમુખ સહિતની ઉપસ્થિતિ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૩

બાબરામાં સિવિલ હોસ્પિટલખાતે ફ્રીનિદાન કેમ્પમા બાળ રોગ, સ્ત્રીરોગ, જનરલસર્જન, માનસિક રોગઅનેચામડીરોગના નિષ્ણાંત ડોકટર દ્વારા સેવા આપવામાં આવેલ.

સ્વસ્થ નારીસશક્તપરિવાર ફ્રીનિદાનકેમ્પમા ધારાસભ્ય જનકભાઈ તળાવિયા, પાલિકા પ્રમુખ પ્રવીણભાઈ કરકર, જિલ્લા મહામંત્રી જગદીશભાઈ નાકરાણી, લલિતભાઈ આંબલીયા, શહેર યુવા પ્રમુખ કિરીટભાઈ પરવાડીયા, હરેશભાઈ આખજા, અસ્વીનભાઈ મકવાણા, દેવશીભાઈ મારૂ પ્રતિનિધિઓ ઉપસ્થિત રહેલ.

આ કેમ્પમા આશરે ૪૫૦ લોકોને નિષ્ણાંત ડોકટર દ્વવારા ફ્રીમા સારવાર આપવામાં આવેલ. આ કેમ્પને સફળ બનાવવા સુપ્રીન્ટેડન્ટ ડો. એસએસ વ્હોરા, તાલુકા હેલ્થ ઓફિસર ડો. મહેશ ગોહિલ, ડો. મોહિત ચૌહાણ, મહેશભાઈ બસીયા, ડો. જયદીપ સોલંકી, ડો મહર્ષિ ભટ્ટી, રાજુભાઈ સલાખના, પિયુષભાઈ જેઠવા અને હોસ્પિટલ સ્ટાફ દ્વારા ભારે જહેમત ઉઠાવી.

પાના ૮ ઉપરનું ચાલું **બાબરા નજીક નંદિની હોટેલનાં**

સાંજે ૭:૩૦ વાગ્યાના અરસામાં બાબરા તાલુકાના ઉંટવડ ગામે રાજકોટ–ભાવનગર હાઈવે ઉપર આવેલ નંદિની હોટલના ગ્રાઉન્ડમાં ખાનગી ટ્રાવેલ્સ બસ નં. જી.જે.–૧૪ એકસ–૩૩૦૩ના ટાયરના પાછળના વ્હીલના નટબોલ્ટ ફીટ કરવા માટે થઈ બસની નીચે ગયા હતાં. તેસમયે આ બસના ડ્રાઈવર આરોપી અશોકભાઈ કરશનભાઈ રાઠોડ (રહે. ચરખા, તા. બાબરા) એ બેફિકરાઈથી આ બસને આગળની બાજુએ ચલાવી બસની નીચે રહેલા રાજેન્દ્રકુમાર બસના ડ્રાઈવર સાઈડના વ્હીલમાં આવી જતાં તેમનું મોઢું છુંદાઈ જતાં ગંભીર ઈજા થતાં મોત નિપજાવી દેતા આ ખાનગી બસના ચાલક સામે પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

## અમરેલી : ૧૦૮ ટીમે ચાલુ વરસાદે સગર્ભાની નોર્મલ પ્રસૂતિ કરાવી



અમરેલી, તા. ૨૩

અમરેલી જિલ્લાના અમરેલી તાલુકાના કેરિયાનાગસ ગામની વાડી વિસ્તારમાં મજૂરી કરતા પરપ્રાતીય પરિવારના અનિતાબેન સાયસીંગભાઈ સિંગાડને રાત્રે વાડી વિસ્તારમાં પ્રસૂતિની અસહય પીડા ઉપાડતા તેમના પતી દ્વારા ૧૦૮ ને મદદ માટે કોલ કરેલ. અને જણાવેલ કે અમે વાડી વિસ્તારમાં છીએ અને વરસાદ શરૂ છે તો વાડીમાં એમ્બ્યુલન્સ આવી શકે તેમ નથી. તો અમે તેમને રિક્ષામાં લઈ ગામ તરફ આવીએ છીએ, તે દરમિયાન દર્દીને રસ્તામાં રિક્ષામાં અસહ્ય પ્રસૂતિની પીડા થયેલ હતી, અમરેલી ૧૦૮ એમ્બ્યુલન્સ કેરિયાનાગસ ગામ જવા રવાના થઈ હતી. અનિતાબેનને પ્રસૂતિની અસહય પીડા ઉપડતાં ઈએમટી સાગર મકવાણા તથા પાયલોટ જયેશભાઈ ખુમાણે જરૂરી સાધનો લયજય ને યોગ્ય સ્ટેચરમાં દર્દીની તપાસ કરતા માલુમ થયેલ કે રિક્ષામાં જ ડિલિવરી કરારવાની ફરજ પડી. ઈએમટી સાગર મકવાણા દ્વારા યોગ્ય સુજબુજથી ચાલુ વરસાદમાં જ રિક્ષામાં નોર્મલ ડિલિવરી કરાવી. ડિલિવરી સમયે બાળક ઓછું રડયું અને ઓકિસજન ઓછું અને હલન ચલણ ઓછું હોવાથી તાત્કાલિક અમદાવાદ ઓફિસમાં રહેલા ડોકટર ડો. મયુર સરની સલાહ પ્રમાણે બેબી અને ઓકિસજન આપી બાળકનો જીવ બચાવેલ અને માતા બાળક સારવાર સાથે ને સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. અને માતા બાળકનો અમૂલ્ય જીવ બચાવેલ તેમના સગા સબંધી એ ૧૦૮ ટીમના કર્મચારીનો આભાર માન્યો હતો.

### અવસાન નોંધ

**બાબરા :** વાણંદ બટુકભાઈ નારણભાઈ વાજા (ઉ.વ. ૮૬) તે સ્વ. લાભુભાઈ, સ્વ. હરજીવનભાઈ, સ્વ. જયંતિભાઈ અને ભરતભાઈ (તેજુરી કચેરી બાબરા) ના ભાઈ તેમજ ધર્મેન્દ્રભાઈના પિતાશ્રીનું તા. ૨૨/૯/૨૫ ને સોમવારના રોજ નિધન થયેલ છે.

સદ્ગતનું બેસણું તા. ૨૯/૯/૨૫ ને શુક્રવારના રોજ સવારના ૯ વાગ્યાથી સાંજના ૬ કલાક સુધી તેમના નિવાસસ્થાને ખાનભાઈ કુવાશેરી બાબરા ખાતે રાખેલ છે.

### નવલા નોરતાનો ઉલ્લાસભેર પ્રારંભ

## બાબરા : માં શૈલપુત્રીની આરાધના અને પુજા અર્ચના કરતી જય અંબે ગરબી મંડળની બાળાઓ

### આયોજક મંડળની નવરાત્રિ મહોત્સવની શતાબ્દી



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૩

માંજગદંબાની આરાધનાનું પર્વએટલે નવરાત્રી. માંદુર્ગાના૯ રૂપની આસ્થાભેર પૂજા, અર્ચનાનું અને આરાધનાનું પર્વ એટલે નવરાત્રી. બાબરા શહેરમાંથતી પ્રાચીન ગરબીઓમાંની એક ગરબી એટલે ૯૮ વર્ષ સુધી બાબરા શહેરની સૂચકશેરીમાં અને હાલ દ્વારકેશ સોસાયટીમાં જય અંબે ગરબી મંડળ દ્વારા થતી ગરબી કે જેને આ વર્ષે ૧૦૦ વર્ષ પુરા થાય છે. જય અંબે ગરબી મંડળમાં આટલા વર્ષથી પુરી આસ્થા અને પ્રાચીન પરંપરા સાથે ૬ થી ૧૪ વર્ષની બાળાઓ દ્વારા રાસ લેવામાં આવે છે. ગરબી મંડળના સંચાલકો શ્યામભાઈ તેરૈયા તેમજ હિંમતભાઈ તેરૈયા દ્વારા નવરાત્રીના નવે નવ દિવસ બાળાઓને નાસ્તો કરવાવામાં આવે છે. આધુનિક અને પાશ્ચયાત સંસ્કૃતિના વાવાઝોડા વચ્ચે આ ગરબી મંડળે પ્રાચીન પરંપરાઓ જાળવી રાખેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું **ગુજરાતમાં ઈલેક્ટ્રીક વ્હિકલ પોલીસી**

ગુજરાત ૧૬માં ક્રમે છે. શરૂઆતમાં પોલીસી આવી ત્યારે ૧,૯૦,૦૦૦ જેટલા વાહનોનું વેચાણ થયેલ અને તેટલા લોકોને સબસીડી મળેલ. પરંતુ ૧ વર્ષથી તેનો લાભ મળેલ નથી. ઉપરાંત રાજયમાં ચાર્જીંગ સ્ટેશનો માટે કોઈ નકકર પગલાં લેવાયા નથી. હાલ ફકત ૧૦૦૮ ચાર્જીંગ સ્ટેશનો છે. અત્યારે સમગ્ર વિશ્વ પર્યાવરણની જાળવણી બાબતે ચિંતીત છે. ત્યારે ઈલેકટ્રીક વાહનોને પ્રોત્સાહન આપવામાં આવે તો પેટ્રોલ અને ડીઝલની આયાત બંધ થાય જેથી દેશનો રૂપિયો બહાર જતો અટકે હાલ વિન્ડ/સોલાર ખુબ ઝડપથી વિજળી ઉત્પન કરવા માટે આગળ વધી રહ્યું છે. ત્યારે લોકો રૂકટોપ સોલાર પોતાના ઘરે પણ લગાવી રહ્યા છે. આવી પરિસ્થિતિમાં આજે પંજાબ જેવા રાજયમાં તો ઈલેકટ્રીક ટ્રેકટરો પણ ખેડુતો ચલાવે છે. તો વર્ષ ૨૦૩૦ સુધી ભારતમાં ૩૦% સુધી ઈલેકટ્રીક વાહોનોનો લક્ષ્યાંક છે. તો તે હાંસલ કરવા માટે ચીનમાં જે ઝડપથી કામગીરી થાય છે. તેવી ઝડપથી લોકોને આકર્ષે તેવી પોલીસી કરવી જોઈએ. અને આજની સ્થિતિએ ૪૦% ઉપર ચીનમાં ઈલેકટ્રીક વાહનો છે. અને ટુંક સમયમાં જ ૫૦% પહોંચી જાય તેવું તેમનું આયોજન છે.


### જાહેર નોટિસ

અમો **જગદીશભાઈ કાનજીભાઈ વાવડીયા રહે.બાબરા, તા. બાબરા, જિ.અમરેલી** ના આ જાહેર નોટિસથી વિશાળ જનસમુદાય, સરકારી/અર્ધ સરકારી, સહકારી નાણાંકીય સંસ્થાઓ વિગેરેને તાકીદ કરીએ છીએ કે,

અમો એ **અમરેલી જિલ્લાના અમરેલી ગામના સર્વે નં. ૧૨ માં કરવામાં આવેલ બિનખેતી રહેણાંક હેતુ માટેના પ્લોટીંગ પૈકીનો પ્લોટ નં. ૧૭, ક્ષેત્રફળ ૨૩૮.૧૫ જેનો સીટીસર્વે નં. ૨૬૦૪** માં બનાવવામાં આવેલ મકાન ખરીદ **રૂપિયા ૮૦,૦૦,૦૦૦/– અંકે રૂપિયા એંશી લાખ** પુરામાં કરવા અંગેનું બાનાખત **તા. ૦૧/૦૧/૨૦૨૩ આ મિલ્કતના માલિક અનસુયાબેન D/O વ્રજલાલ ચાવ W/O હરજીવનભાઈ હરિશંકરભાઈ મહેતા** રહે. અમરેલી સાથે કરેલ છે. તેમજ આ બાનાખત સમયે **રૂપિયા ૭૦,૦૦,૦૦૦/– અંકે રૂપિયા સીતેર લાખ** પુરા ચૂકવેલ છે. તેમજ આ **મિલ્કત ઉપરનું કરજ** ભરપાઈ કરી આપી બાકી **રકમ રૂા. ૧૦,૦૦,૦૦૦/–** અંકે રૂપિયા દસ લાખ સ્વીકારી દસ્તાવેજ બનાવી આપવાની શરત નકકી કરવામાં આવેલ છે. આ મિલ્કત ઉપરનું લેણું ભરપાઈ થતાં આ મિલ્કતના માલીકને લીગલ નોટિસ આપવા છતાં તેઓ અમોને દસ્તાવેજ બનાવી આપતા ન હોય તેમજ અમારૂ બાનાખત આજની તારીખે અમલમાં હોવા છતાં અન્ય ઈસમોને આ મિલ્કત વેચાણ આપવા તજવીજ કરી રહેલ છે. જેથી તે સંબંધે અમો સિવિલ કોર્ટમાં કાર્યવાહી કરવા જઈ રહ્યા છીએ. જેથી આ મિલ્કત કોઈ ઈસમોએ ખરીદ કરવી નહીં તેમજ સરકારી/અર્ધ સરકારી, સહકારી, નાણાંકીય સંસ્થાઓ આ જમીન ઉપર બોજો, ધીરાણ, લોન આપવા નહીં. છતા આ જાહેર નોટિસની તાકીદ ધ્યાને નહીં લઈ કોઈપણ વ્યકિત/સંસ્થા આ જમીન સંબંધે કોઈ વ્યવહાર કરશે તો તેમની સામે પણ અમારે કાયદેસર કાર્યવાહી કરવા ફરજ પડશે.

**બાબરા**
**તારીખ :– ૧૪/૦૯/૨૦૨૫**

**જગદીશભાઈ કાનજીભાઈ વાવડીયા**


### અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૬૯૫ | ૭૦૧ |
| ૨ | ગીરનારી શીંગ | ૬૮૫ | ૭૯૭ |
| ૩ | શિંગ મોટી | ૬૦૫ | ૯૮૦ |
| ૪ | શિંગદાણા | ૯૨૬ | ૧૩૦૦ |
| ૫ | તલ સફેદ | ૧૦૦૦ | ૨૨૦૦ |
| ૬ | તલ કાળા | ૨૫૦૦ | ૪૩૦૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૧૧૦ | ૨૪૧૦ |
| ૮ | બાજરો | ૨૫૦ | ૪૮૦ |
| ૯ | જુવાર | ૬૦૦ | ૭૩૨ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૩૮ | ૫૮૨ |
| ૧૧ | ઘઉં લોકવન | ૫૪૬ | ૫૭૬ |
| ૧૨ | મગ | ૧૦૦૦ | ૧૫૬૧ |
| ૧૩ | અડદ | ૧૦૦૦ | ૧૨૮૧ |
| ૧૪ | ચણા | ૯૫૦ | ૧૧૬૦ |
| ૧૫ | સફેદ ચણા | ૯૫૫ | ૧૦૭૪ |
| ૧૬ | તુવેર | ૧૦૭૦ | ૧૨૮૧ |
| ૧૭ | કપાસ | ૭૬૦ | ૧૫૮૦ |
| ૧૮ | એરંડા | ૯૨૦ | ૧૨૫૬ |
| ૧૯ | જીરૂ | ૩૨૦૦ | ૩૬૦૫ |
| ૨૦ | રાયડો | ૧૦૫૦ | ૧૨૦૯ |
| ૨૧ | ગમ ગુવાર | ૬૦૦ | ૮૪૫ |
| ૨૨ | ધાણા | ૧૦૦૦ | ૧૪૨૫ |
| ૨૩ | મેથી | ૬૫૦ | ૮૫૦ |
| ૨૪ | સોયાબીન | ૭૦૦ | ૮૧૫ |
| ૨૫ | વરીયાળી | ૬૫૦ | ૮૫૨ |
| ૨૬ | કાંગ | ૨૭૦ | ૪૪૦ |

### ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ એ | ૧૨૧૧ | ૧૩૨૯ |
| ૨ | કપાસ કોડી | ૧૧૩૫ | ૧૧૭૭ |
| ૩ | ઘઉં | ૫૧૨ | ૫૩૨ |
| ૪ | ચણા | ૧૧૨૨ | ૧૧૨૨ |
| ૫ | શીંગ દાણા | ૧૦૦૦ | ૧૦૦૫ |

### સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ મોટી | ૬૦૦ | ૮૫૦ |
| ૨ | તલ સફેદ | ૧૫૦૦ | ૧૯૭૦ |
| ૩ | તલ કાળા | ૩૪૦૦ | ૩૯૦૦ |
| ૪ | જીરૂ | ૩૩૦૦ | ૩૫૪૫ |
| ૫ | કપાસ | ૧૧૦૦ | ૧૫૩૫ |
| ૬ | ઘઉં લોકવન | ૪૫૯ | ૫૨૩ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૧૪ |
| ૮ | બાજરો | ૩૨૫ | ૪૦૦ |
| ૯ | મગ | ૧૧૦૦ | ૧૩૭૦ |
| ૧૦ | અડદ | ૧૩૮૧ | – |
| ૧૧ | ચણા | ૯૫૦ | ૧૦૭૫ |
| ૧૨ | તુવેર | ૮૫૦ | ૧૧૧૭ |
| ૧૩ | ધાણા | ૧૦૦૦ | – |
| ૧૪ | વાલ | ૮૦૧ | – |

### બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર નવો | ૧૨૫૦ | ૧૪૯૦ |
| ૨ | કપાસ જુનો | ૧૪૩૫ | ૧૫૭૫ |
| ૩ | તલ સફેદ | ૧૪૭૦ | ૧૯૦૦ |
| ૪ | તલ કાળા | ૨૬૦૦ | ૩૯૧૦ |
| ૫ | ઘઉં | ૪૫૫ | ૫૩૫ |
| ૬ | અડદ | ૯૯૦ | ૧૨૧૦ |
| ૭ | મગ | ૧૨૪૦ | ૧૫૫૦ |
| ૮ | ચણા | ૯૮૦ | ૧૦૫૦ |

### બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૫૩૫ |
| ૨ | ઘઉં લોકવન | ૪૫૦ | ૪૬૫ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૭૧ | ૫૧૪ |
| ૪ | મેથી | ૭૯૫ | ૭૯૫ |
| ૫ | શીંગદાણા | ૯૩૫ | ૧૦૫૫ |
| ૬ | મગ | ૯૧૫ | ૯૧૫ |
| ૭ | સોયાબીન | ૭૮૮ | ૭૯૨ |
| ૮ | અડદ | ૮૭૦ | ૧૨૪૦ |
| ૯ | તલ સફેદ | ૧૨૧૫ | ૧૮૬૫ |
| ૧૦ | ધાણા | ૧૧૦૦ | ૧૨૧૫ |
| ૧૧ | મગફળી | ૬૦૦ | ૭૧૫ |
| ૧૨ | ચણા | ૧૦૬૧ | ૧૦૬૧ |
| ૧૩ | બાજરો | ૩૯૦ | ૩૯૦ |
| ૧૪ | તુવેર | ૯૧૫ | ૯૧૫ |
| ૧૫ | ચણા સફેદ | ૧૦૭૦ | ૧૦૭૦ |

### રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૭૦૦ | ૮૦૧ |
| ૨ | તલ સફેદ | ૧૩૦૦ | ૧૯૦૨ |
| ૩ | તલ કાળા | ૩૦૦૦ | ૩૦૦૦ |
| ૪ | તલ પીળા | ૧૯૫૦ | ૨૧૫૦ |
| ૫ | કપાસ | ૭૦૦ | ૧૪૭૧ |
| ૬ | બાજરો | ૩૮૦ | ૫૦૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૧૫ | ૫૭૨ |
| ૮ | જુવાર | ૭૫૦ | ૮૧૧ |
| ૯ | મગ | ૧૦૦૦ | ૧૪૮૦ |
| ૧૦ | અડદ | ૭૦૦ | ૭૦૦ |
| ૧૧ | ચણા | ૮૭૫ | ૧૧૨૦ |
| ૧૨ | જીરૂ | ૩૨૫૧ | ૩૨૫૧ |

## ભય, ભુખ અને ભ્રષ્ટાચારમુકત શાસનની ગુલબાંગો વચ્ચે વાસ્તવિકતા કડવી

# બગસરામાં માર્ગ બનાવવામાં ભ્રષ્ટાચારને લઈને રોષની આંધી

**જનતાજનાર્દનનાં પરસેવાનાં પૈસાથી બનતા મોટાભાગનાં માર્ગો બિસ્માર બનતા હોય જનતા તોબા તોબા**

**સત્તાધીશો માત્ર તપાસ કરીશું તેવું આશ્વાસન આપીને જનતાનાં રોષને ડામવાનું કરે છે કામ**

**શહેરમાં બિસ્માર માર્ગને લીધે ગ્રાહકોની અવર-જવર બંધ થતાં વેપારીઓ રોષે ભરાયા**

**પાલિકાના ચીફ ઓફિસરે રાબેતાં મુજબ માર્ગ બનાવી આપવા અને તપાસની ખાત્રી આપી દીધી**





તસ્વીર : સમીર વિરાણી-બગસરા

બગસરા, તા.૨૩

બગસરા પાલિકાનો વધુ એક ભષ્ટાચાર સામે આવ્યો છે. શહેરના હાલમાં જ બનાવેલ શિવાજી ચોકથી ગોંડલીયા ચોક સુધીનો સી.સી.રોડ ૧૦ લાખ ૯૧ હજારના ખર્ચે આશિયાના કન્ટ્રક્શન નામની એજન્સીએ બનાવેલ હતો. આં રોડ બન્યો એને ફક્ત ૨૫ દિવસ થયાં હતા આં રોડ ઉપર ખાડા અને પાણી ભરાતા શહેરના વેપારીઓ વિરોધ કર્યો હતો. હાલમાં આવી રહેલા તહેવારના લીધે લોકો ખરીદી કરવા આવતા હોય પરંતુ આં રોડ ઉપર પાણી ભરવાના ના લીધે લોકો અન્ય વેપારીઓ તરફ વળી જતા હોય જેના હિસાબે વેપારીઓને આર્થિક નુકસાની પણ સહન કરવી પડવાનો પણ વારો આવી રહ્યો છે. ત્યારે આજે આં વિસ્તારના વેપારીઓએ વિરોધ કરતા પાલિકા ચીફ ઘટના સ્થળે દોડી આવ્યા હતા ત્યારે વેપારીઓએ પાલિકા ચીફનો ઘેરાવ કરવામાં આવ્યો હતો અને પાલિકા એ આં રોડમાં આટલી હદે ભસ્ટાચાર આદિરીઓ હોય તો આવા કોટ્રાકટરને બ્લેક લિસ્ટમાં નાખવામાં આવે અને આં રોડને તત્કાલ સરખો કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી. હાલમાં કેબિનેટ બેઠકમાં સી.એમ. દ્વારા કહેવામાં આવ્યું હતું કે જે કોઈ રસ્તા એક વર્ષમાં તૂટી જાય તેવાં કોટ્રાકટર ઉપર કડક કાર્યવાહી કરવામાં આવે પરંતુ પાલિકા દ્વારા બનાવામાં આવેલ લગભગ તમામ રોડ ફક્ત એક મહિનામાં તૂટી જતા પાલિકા તેમજ સતાધિસોએ આચરેલ ભષ્ટાચાર સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી લોકોમાં માંગ ઉઠી છે.વધુમાં આં વિસ્તારના ભાજપના આગેવાન ચિરાગ પરમાર પણ ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને ચીફ ઓફિસરને આ ભષ્ટાચાર અંગે કાર્યવાહી કરવા સૂચન કરવામાં આવ્યું હતું. અને આગામી દિવસોમાં મોરચો માંડી.નગરપાલિકા સામે આંદોલન કરવા ચીમકી પણ આપવામાં આવી હતી.આ બાબતે પાલિકા ચીફ ઓફિસર દિલીપભાઈ હુણને પૂછતાં તેમણે જણાવ્યું હતું કે હું ચેક કરાવી લવું અને કોટ્રાકટર સૂચના આપી આં રોડ સરખો કરાવવા કહી દઉં છું.શહેરના આવા રોડ કે જે લાખો રૂપિયાના ખર્ચ બનેલ છે તેવાં તમામ રોડની હાલત કફોડી બની ગઈ છે જેમાં તમામ રોડ પાલિકા પ્રમુખ તેમજ ચીફ દ્વારા કરાવી આપીશું કહી પોતાનો બચાવ કરી રહ્યા છે.


---

### જાણીતા એડવોકેટ ઉદયન ત્રિવેદીની ઉપસ્થિતિમાં

## અમરેલી ખાતે નારાયણી ક્રેડીટ કો.ઓપ સોસાયટીની વાર્ષિક સાધારણ સભા મળી

**ચેરમેન, વા. ચેરમેન સહિત સૌ ઉપસ્થિત રહ્યા**





અમરેલી, તા. ૨૩

નારાયણી ક્રેડીટ કો.ઓપરેટીવ સોસાયટી લી. અમરેલી વાર્ષિક સાધારણ સભાના મુખ્ય આમંત્રિત મહેમાન ગુજરાત રાજય નોટરી એસોસીએશનના વા.ચેરમને ઉદયનભાઈ ત્રિવેદી તથા સોસાયટીના સ્થાપક ચેરમેન પ્રતીક્ષાબેન ચંદ્રેશભાઈ મહેતાની તથા સ્પે.સરકારી વકીલ ચંદ્રેશભાઈ મહેતાની આગેવાનીમાં ગજેરાપરા પટેલ વાડી અમરેલીમાં ઉષ્માભેર અને દબદબાભેર યોજાયેલ.

આ સમારોહમાં માર્ગદર્શક ઉદયનભાઈ ત્રિવેદી અને અમરેલી નગરપાલિકાના પૂર્વ પ્રમુખ કાળુંભાઈ પાનસુરીયાએ સોસાયટીની હિતલક્ષી યોજનાઓથી મહિલાઓ, વ્યાપારીઓ નોકરિયાત, સોભાસદો, થાપણદરો અને દૈનિક તથા માસિક બચતકર્તા લોકોને વિસ્તારપૂર્વક માહિતી આપી અને નાની મોટી બચત કરવાથી પોતાના અને પરિવારજનો સેવેલા સપનાઓ સાકાર કરી શકાય, આમ આવી વિવીધ યોજનાઓ થકી લોકહિત લક્ષી નિર્ણયો થીજ સોસાયટી સમાજમાં વિસ પ્રાપ્ત થશે જેનાથી સંસ્થા એક પરિવારની જેમ સાથ સહકારથી જ ઉતરોતર પ્રગતિના શિખરો સર કરશે.

આ સાધારણ સભાના કાર્યક્રમમાં ડીરેકટર ચંદ્રેશભાઈ મહેતા, વા.ચેરમેન ચેતનભાઈ આર. ચૌહાણ, પેનલ એડવોકેટ એચ.એમ. રાઠોડ, એડવોકેટ હરનીલભાઈ ત્રિવેદી, એડવોકેટ એ. સીવરિયા, એડવોકેટ ભરતભાઈ ચાવડા, વ્યાપારી અગ્રણી દીપકભાઈ મસરાણી, રવિભાઈ રાઠોડ, તેજસભાઈ મસરાણી, હિરેન એન જોશી, પુનમબેન ધાનાણી, સોહીનીબેન જોશી, સોનલબેન ચાવડા તથા ભારતીબેન તથા ક્રિષ્નાબેન બગથલિયા તેમજ બહોળી સંખ્યામાં સભાસદો સાથે સામાજિક રાજકીય અને સહકારીક્ષેત્રના આગેવાનો જોડાયેલ તથા આભારવિધિ જે.આર. વાળાએ કરેલ તેવું મેનજર કેવલ જાદવની યાદી જણાવે છે.

---

### નવરાત્રિનો પ્રારંભ થતાં સમગ્ર વાતાવરણ ભકિતમય બન્યુ

## સાવરકુંડલા : શકિત અને ભકિતનાં નવરાત્રિનાં પ્રારંભે ગરબા, શણગાર, ધુપ, દીપ, પ્રસાદની ખરીદી નીકળી

**માટીનાં ગરબા સહિત ચિનાઈ માટીનાં ગરબાનુ ધુમ વેચાણ**



સાવરકુંડલા, તા. ૨૩

આજથી પ્રારંભ થતાં માતાજીના શકિત અને ભકિતના પર્વ સમાન માતાજીની સ્તુતિ કાજે નવ નોરતાંના પ્રારંભ પૂર્વે માતાજીના શણગાર, ધૂપ, દીપ, પ્રસાદ, ગરબા, ફળ ફળાદી, મીઠાઈ વગેરેની ખરીદી માટે શહેરમાં ભારે ભીડ જોવા મળી હતી. આમ તો ભારતીય સંસ્કૃતિની ઓળખ સમાન આ નવલાં નોરતા એ મા નવદુર્ગાની આરાધના પૂજા અર્ચના માટે સર્વોત્તમ પર્વ ગણાય છે. આજથી ભાવિકો નવ દિવસ સુધી માતાજીની સ્તુતિ વ્રત, ઉપવાસ, પૂજા અર્ચના કરતાં જોવા મળે છે. આજથી પ્રારંભ થતાં નવલાં નોરતાંમાં રાત્રે શહેરના વિવિધ ગરબી મંડળો દ્વારા માતાજીની આરતી, સ્તુતિ, રાસ, ગરબા પૂર્ણ ભકિત ભાવ સાથે ઉજવણી કરતાં જોવા મળે છે. એમાં પણ આ વર્ષે તો એક નોરતુ વધુ હોય ખેલૈયાઓ પણ આ વર્ષે મનભરીને ગરબે ઘૂમીને માતાજીને પ્રસન્ન કરવા માટે તૈયાર છે. શહેરના વિવિધ સામાજિક જ્ઞાતિ મંડળો દ્વારા પણ નવરાત્રિ મહોત્સવનું આયોજન કરવામાં આવેલ છે. આમ માતાજીના નવલાં નવનોરતાની ઉજવણી કરવા માટે ભાવિકોમાં ભારે ઉત્સાહ અને થનગનાટ પ્રવર્તી રહ્યો છે.

આમ પણ સાવરકુંડલા શહેર એટલે ધર્મપ્રેમી ભાવિકોનું શહેર અહી યોજાતા વિવિધ આકર્ષક ફલોટ પણ લોકોના આકર્ષણનું કેન્દ્ર બની રહે છે. અહીના નવનોરતાને માણવા જોવા માટે લોકો અન્ય શહેરો અને ગામડાઓમાંથી સાવરકુંડલા પધારે છે.

---

## વડિયા : સરકારી હોસ્પિટલ ખાતે સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો



તસ્વીર :દિવ્યાંગગીરી ગોસાઈ-વડીયા

વડિયા, તા. ૨૩

ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા એ દીપ પ્રાગટય કરી કેમ્પ ખુલ્લો મુકયો ૫૦૦ જેટલા દર્દીઓ એ આ કેમ્પમાં ભાગ લીધો હતો અને સરકારને આશિર્વાદ આપ્યા હતા. દર્દીઓ એ કહ્યું કે અમોને ઘર આંગણે આવી સારવાર મળી એ માટે ખુબ આભાર વ્યક્ત કરીએ છીએ. સાંસદ ભરતભાઈ સુતરીયા સહિત તાલુકા ભરના ભાજપ કાર્યકરો અને લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર દેશમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસની ઉજવણી વિવિધ સેવાકીય કર્યો ધ્વારા કરવામાં આવી રહી છે. ત્યારે અમરેલી જિલ્લા માં કર્મભૂમિ ડેવલોપમેન્ટ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા જિલ્લાની વિવિધ હોસ્પિટલો ખાતે સર્વરોગ નિદાન કેમ્પ કરીને દર્દી નારાયણની સેવા રૂપી વિવિધ રોગના સ્પેસ્યાલીસ્ટ ડોકટરોની સેવા ઘર આંગણે આપીને લોકસેવા રૂપી ઉજવણી કરવામાં આવી રહી છે. અમરેલી જિલ્લાના છેવાડાના તાલુકા મથક એવા વડિયામાં આવેલી સામુહિક આરોગ્ય હોસ્પિટલ ખાતે સર્વ રોગ નિદાન કેમ્પનુ આયોજન કરવામાં આવ્યું હતું. જેમા ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરીયા દ્વારા આ કેમ્પને દીપ પ્રાગટય કરીને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ કેમ્પમાં વિવિધ રોગના સ્પેશ્યલ ડોકટર પોતાની સેવા વિનામૂલ્યે દવા સાથે આપવાના હોવાથી સવારથી જ મોટી સંખ્યામા દર્દીઓની લાઈનો જોવા મળી હતી અને મોટી સંખ્યામા લોકોએ આ કેમ્પ નો લાભ લીધો હતો. આ કાર્યક્રમમાં ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા, તાલુકા પંચાયત પ્રમુખ પરસોત્તમભાઈ હિરપરા, જિલ્લા ભાજપ મંત્રી રમાબેન હિરપરા, ઈન્ચાર્જ મામલતદાર કેજર સિંઘી, ઈન્ચાર્જ પીઆઇ એ એન ગાંગણા, ઈન્ચાર્જ તાલુકા હેલ્થ ઓફિસર ડો.બાલદાણીયા, વડિયા સામુહિક આરોગ્ય કેન્દ્રના ડોકટર પ્રતિક ડોડીયા, ડોકટર ભાર્ગવ વ્યાસ, જયેશભાઈ સાવલીયા, તાલુકા ભાજપ પ્રમુખ વિપુલભાઈ વસાણી, તાલુકા ભાજપ મહામંત્રી શૈલેષભાઈ ઠુંમ્મર , તુષારભાઈ ગણાત્રા, મનસુખભાઈ બરવાળીયા સહીત સ્થાનિક આગેવાનો અને સરપંચો જોડાયા હતા.

---

## અમરેલી ખાતે કૃષિ સખી અને CRP માટે પ્રાકૃતિક કૃષિ તાલીમ યોજાઈ

અમરેલી તા.૨૩

અમરેલી ખાતેની કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ ખાતે પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધારવાની કામગીરીમાં જોડાયેલા કૃષિ સખી અને કોમ્યુનિટી રિસોર્સ પર્સન – CRP ની તાલીમ યોજાઈ હતી. આ તાલીમમાં પ્રાકૃતિક કૃષિના જુદા જુદા આયામોથી અવગત કરવાની સાથે પ્રાકૃતિક કૃષિના મોડલ ફાર્મની મુલાકાત પણ કરાવવામાં આવી હતી.

આ તાલીમમાં આત્માના નાયબ ખેતી નિયામક મહેશ જીડ, કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ આચાર્ય ડો. સ્વપ્નિલ દેશમુખ, બી. ડી.મકવાણા, આર. એચ. વઘાસીયા દ્વારા પ્રાકૃતિક ખેતી વિશે માહિતી આપવામાં આવી હતી. ઉપરાંત પ્રાકૃતિક કૃષિની વિવિધ યોજનાથી ખેડૂતીને માહિતગાર કરવામાં આવ્યાં હતાં.આ તાલીમના ભાગરૂપે અમરેલીની કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગના પ્રાકૃતિક ફોર્મનું નિદર્શન કરાવવામાં આવ્યું હતું. જેમાં જુદા-જુદા પાકોના મિશ્ર પાક જેમ કે, ખરસાણી, સૂર્યમુખી, સોયાબીન, કપાસ, મગફળી, મકાઇ, ડાંગર, જુવાર, બાજરો સાથે દ્વીદળી મિશ્રપાક મગ, તુવેર, અડદ, વાલોળ કુદરતી સ્ત્રોતોનો મહત્તમ ઉપયોગ કરી પ્રાકૃતિક રીતે ઉછેરવામાં આવી છે. જે સંદર્ભે કોલેજના સ્ટાફ દ્વારા માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું.આ ઉપરાંત બાયો-ઈનપુટ યુનિટની વિઝિટ કરીને પાકોમાં વધારે ઉત્પાદન મળી રહે તે માટે ઉપયોગ થતાં બાયો ઈનપુટ જેવા કે જીવામૃત, ઘનજીવામૃત, દશપર્ણી અર્ક, નિમાસ્ત્ર, અગ્નિ અસ્ત્ર, બ્રહાસ્ત્ર તથા બીજામૃતની અસરકારકતા વિશે ખેડૂતોએ માહિતી મેળવી હતી.

આ તાલીમને સફળ બનાવવા માટે કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગના ડો. કે. વી. ચૌધરી, ડો. આર. આર. પ્રજાપતિ, ડો. કે. કે. બીજારણીયા, ડો. કે. આઈ. વસાવા તથા ડો. ડી. એમ. રાઠોડે જહેમત ઉઠાવી હતી.

---

### જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યાના અધ્યક્ષસ્થાને પત્રકાર પરિષદ યોજાઈ

## અમરેલી સ્થિત ફોરવર્ડ સ્કૂલ ગ્રાઉન્ડ ખાતે તા. ૨૮ સપ્ટેમ્બર સુધી ''પ્રાદેશિક સરસ મેળા''નું આયોજન

**નાગરિકોને સરસ મેળામાં મુલાકાત લેવા અને વિવિધ હસ્તકલાની ચીજવસ્તુઓનું પ્રદર્શન નિહાળવા અનુરોધ**



અમરેલી, તા. ૨૩

''આત્મનિર્ભર ભારત'' અભિયાન થકી વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારત દેશ વિકસિત બની શકે છે. સ્થાનિક સ્વદેશી ઉત્પાદનોને પ્રોત્સાહન મળે તે માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ''વોકલ ફોર લોકલ''નું સૂત્ર આપ્યું છે.

અમરેલી સ્થિત ફોરવર્ડ સ્કૂલ ગ્રાઉન્ડ ખાતે તા. ૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૫ સુધી ' 'પ્રાદેશિક સરસ મેળા''નું ભવ્ય આયોજન હાથ ધરવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે, ''પરંપરા, પ્રગતિ અને આત્મનિર્ભરતા'' એક સાથે અમરેલીના સરસ મેળામાં જોવા મળી રહી છે.

આજરોજ જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યાના અધ્યક્ષસ્થાને '' સરસ મેળો-૨૦૨૫'' સંદર્ભે પત્રકાર પરિષદનું આયોજન હાથ ધરવામાં આવ્યું હતું. જિલ્લાના પત્રકારઓ, સોશિયલ મીડિયા ઈન્ફ્લૂએન્સર્સ ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લા વિકાસ અધિકારીએ પ્રાદેશિક સખી મેળાના આયોજન વિશે વિગતે માહિતી પુરી પાડી હતી.

ઉલ્લેખનીય છે કે, ભારત સરકાર અને ગુજરાત સરકારના સંયુકત ઉપક્રમે ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની લી. દ્વારા મહિલાઓના સશકિતકરણ માટે રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન (એન.આર.એલ.એમ. યોજના) હેઠળ કાર્યરત મહિલા સ્વ-સહાય જૂથ અને સખી મંડળોને કૌશલ્ય તાલીમ દ્વારા આજીવિકા પ્રવૃત્તિઓ સાથે જોડાણ કરવામાં આવે છે.

ઉત્પાદકીય પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ સ્વ-સહાય જૂથોને ચીજવસ્તુઓનું પ્રદર્શન સહ વેચાણ માટે પ્લેટફોર્મ મળી રહે તે માટે અમરેલી ખાતે ૧૦ દિવસીય પ્રાદેશિક સખી મેળાનો પ્રારંભ તા. ૧૯ સપ્ટેમ્બરના રોજ કરવામાં આવ્યો હતો. જેમાં કુલ ૫૮ સ્ટોલ ઉભા કરવામાં આવ્યા છે. આ મેળામાં હેન્ડીક્રાફટના કુલ ૧૦ સ્ટોલ છે, જેમાં મોતીકામની બનાવટ જેમ કે, તોરણ, ઝુમર, પર્સ, ઊનના રૂમાલ અને ઊનની બનાવટની વિવિધ ચીજવસ્તુઓ ઉપલબ્ધ છે. હેન્ડલુમના કુલ ૮ સ્ટોલ છે જેમાં આસન, પગલુંછણીયા, ડ્રેસ મટીરિયલ, સાડી, ચણીયા ચોળી, ભરતકામ વાળી કોટી વગેરે વસ્તુઓ ઉપલબ્ધ છે. પૂજા સામગ્રીના કુલ ૬ સ્ટોલ છે જેમાં અગરબત્તી, ધૂપ, કંકુ, માતાજીની વિવિધ ભાતવાળી ચૂંદડી, મોતીના હાર, માળા, શ્રી કૃષ્ણના વાઘા સહિતની ચીજવસ્તુઓ સામેલ છે. પ્રાકૃતિક અને ઓર્ગેનિક ચીજ વસ્તુઓ માટે કુલ ૫ સ્ટોલ છે. માટીકામ, આયુર્વેદિક દવાઓ, હેલ્થ અને હાઈજીન, ફૂટવેર, ઈમિટેશન જવેલરી, વિવિધ ખાદ્યવસ્તુઓના સ્ટોલ છે. મુલાકાતીઓ આ તમામ સ્ટોલની મુલાકાત લઈને ગમતી વિવિધ ચીજવસ્તુઓની ખરીદી પણ કરી શકે છે.

આ મેળામાં વિવિધ સ્વ-સહાય જૂથ સાથે સંકળાયેલ બહેનોએ મેળાના શુભારંભથી આજદિન સુધીમાં કુલ રૂ.૨૧ લાખથી વધુની વિવિધ ચીજવસ્તુઓનું વેચાણ કર્યુ છે. અમરેલીના નાગરિકો દ્વારા પ્રાદેશિક સરસ મેળાને બહોળો લોકપ્રતિસાદ મળી રહ્યો છે. વિવિધ સ્વ-સહાય જૂથની બહેનો પગભર થઈને આર્થિક રીતે ઉન્નતી તરફ આગળ ધપી રહી છે. પત્રકાર પરિષદના માધ્યમથી જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયાએ જિલ્લાના નાગરિકોને પ્રાદેશિક સરસ મેળામાં મુલાકાત લેવા અને વિવિધ હસ્તકલાની ચીજવસ્તુઓનું પ્રદર્શન નિહાળવા અનુરોધ કરવામાં આવ્યો હતો.

---

### વડાપ્રધાન સેવા પખવાડા અંતર્ગત

## સરંભડા ગામે આયુર્વેદ નિદાન કેમ્પ યોજાયો

**૭૫ દર્દીઓને વિનામૂલ્યે દવાનું વિતરણ કરવામાં આવ્યુ**



તસ્વીર : હસમુખ રાવળ-બાબાપુર

અમરેલી, તા. ૨૩

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસને સેવા પખવાડા તરીકે ઊજવવાનું અભિયાન ચાલી રહ્યું છે તે અંતર્ગત આજે સરંભડા ગામે આયુષ્યમાન આરોગ્ય મંદિર દ્વારા આયુર્વેદ નિદાન તથા સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રીધર અતુલકુમાર જાની આયુર્વેદ કોલેજ-હોસ્પીટલ, અમરેલીના સહયોગથી યોજાયેલ કેમ્પમાં ૭૫ જેટલા દર્દીઓના નિદાન કરીને વિનામૂલ્યે દવાનું વિતરણ કરવામાં આવ્યું હતું. પ્રધાનમંત્રી જનકલ્યાણકારી યોજના પ્રચાર-પ્રસાર અભિયાનના ગુજરાત પ્રદેશ મહામંત્રી મોટાભાઈ સંવટ, સરપંચ પ્રતિનિધિ વિનુભાઈ દુધાત, રાજુભાઈ કાછડીયા, દલસુખભાઈ દુધાત દ્વારા દિપ પ્રાગટ્ય કરી કેમ્પને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. શ્રીધર અતુલભાઈ જાની હોસ્પીટલના ડો. વાસુ મહેતા (એમ.ડી. પંચકર્મ), ડો. આર્યન પઠાણ, આરોગ્ય કેન્દ્ર-વાંકીયા મેડીકલ ઓફીસર પલ્લવીબહેન ઠુમર, આયુષ મેડીકલ ઓફીસર કિરણબહેન શેલડીયા દ્વારા દર્દિઓનું નિદાન કરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આયુષ્યમાન આરોગ્ય મંદિર સરંભડાના વિનોદભાઈ બારૈયા, આકાશભાઈ અગ્રાવત, વંદનાબેન દેવમુરારી, બિંદુબહેન કુબાવત, દિપ્તીબહેનહરિયાણી, મનિષાબહેનઝાલા દ્વારા નિદાન કેમ્પને સફળ બનાવવા જહેમત ઉઠાવવામાં આવી હતી.





## દક્ષિણ ગુજરાતમાં આવેલ બારડોલીથી શરૂ થયા બાદ ૧૧ દિવસ બાદ

# સોમનાથ ખાતે 'સરદાર સન્માન યાત્રા'નું દબદબાભેર સમાપન

**ચમારડીનાં વતની અને સરદારપ્રેમી ગોપાલભાઈ વસ્તરપરાએ સમગ્ર ગુજરાતમાં સરદારનાં કાર્યોને પુનઃ તાજા કરી દીધા**

**બારડોલીથી સોમનાથ સુધી યોજાયેલ યાત્રામાં દરેક ગામો અને શહેરોમાં યાત્રાનું ભવ્યાતિભવ્ય સ્વાગત કરાયુ**

**સરદાર પટેલનાં આગ્રહથી રજવાડા દેશને અર્પણ કરનાર રાજવી પરિવારનું પણ ઠેર-ઠેર થયું સન્માન**

**સમાપન પ્રસંગે ખોડલધામનાં પ્રણેતા નરેશ પટેલ, જામનગરનાં રાજવી પરિવારનાં યુવરાજ અજયકુમારસિંહ જાડેજા પણ ઉપસ્થિત રહ્યા**



સોમનાથ, તા. ૨૩

શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે સરદાર સન્માન યાત્રા બારડોલીથી ગીર સોમનાથ ૨૨ સપ્ટેમ્બરના રોજ સોમનાથ દાદાના સાંનિધ્યમાં આવી પહોંચી હતી. ગીર સોમનાથ જિલ્લામાં અલગ અલગ વિસ્તારોમાં સરદાર સન્માન યાત્રાનું આયોજકો ધ્વારા તેનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ આ યાત્રા સાંજે ૫ વાગ્યે સોમનાથ દાદાના સાંનિધ્યમાં આવી પહોંચી હતી. સરદાર સન્માન યાત્રાના મુખ્ય આયોજક સરદાર પ્રેમી ગોપાલભાઈ વસ્તરપરા દ્વારા સોમનાથ દાદાનાં દર્શન કરીને સરદાર સાહેબની પ્રતિમાને દૂધ અભિષેક અને ફુલહાર કરીને સરદાર સન્માન યાત્રાને સફળતાપૂર્વક સમાપન કરી હતી. ત્યાર બાદ ગીર સોમનાથ મંદિર ખાતે વિશાળ સભા આયોજન દરમિયાન સરદાર પ્રેમી ગોપાલભાઈ વસ્તરપરા ચમારડી અને તેમના સહ પરિવાર દ્વારા સભાના મંચ પરથી રાજવી પરિવારના યુવરાજ સાહેબ અજયકુમારસિંહજી જાડેજા જામનગર સ્ટેટ, યુવરાજ સાહેબ પ્રતાપસિંહજી જાડેજા કચ્છ સ્ટેટ, ઠાકોર સાહેબ કીર્તિકુમાર પ્રહલાદસિંહજી ગોહિલ લાઠી સ્ટેટ, મહારાજ કુમાર ફાલ્ગુનસિંહજી ઝાલા સાહેબ ચુડા સ્ટેટ, દરબાર પૂજાબાપુવાળા માંડવડ સ્ટેટ, દરબાર વનરાજસિંહજી ખવડ સુદામડા-ધાંધલપૂર સ્ટેટ, રાજકુમાર યજ્ઞવીરસિંહજી ખવડ સુદામડા-ધાંધલપૂર સહિત ખોડલધામનાં પ્રણેતા નરેશભાઈ પટેલ અને વિવિધ જ્ઞાતિઓના પ્રતિનિધિઓ તથા વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ સરદાર સાહેબ સન્માન યાત્રામાં ઉપસ્થિતિ રહ્યા હતા અને સન્માનિત કરવામાં આવ્યા હતા. ત્યારે અમરેલી, રાજકોટ, ભાવનગર, જૂનાગઢ જિલ્લાઓમાંથી મોટી સંખ્યામાં સર્વ સમાજના લોકો આ સભામાં ઉપસ્થિત રહીને સરદાર સન્માન યાત્રાને સમાપન કરી હતી.

### બસનાં ચાલકે અચાનક બસ દોડાવતાં

## બાબરા નજીક નંદિની હોટેલનાં મેદાનમાં બસ નીચે આવી જવાથી એક વ્યકિતનું મોત

**મૃતક બસની નીચે નટ બોલ્ટ ફીટ કરતા હોય બનાવ બન્યો**

અમરેલી, તા. ૨૩

રાજસ્થાનના વતની ટીટાભાઈ લવજીભાઈ નીનામા નામના ૬૨ વર્ષિય વૃધ્ધના દિકરા રાજેન્દ્રકુમાર ટીટાભાઈ નીનામા ગત તા. ૨૧ના રોજ

અનુસંધાન પાના ૬ ઉપર















*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)